

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 277
Dt.: 11-08-2025, Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ઓપરેશન સિંદૂર અંગે વડાપ્રધાન મોદીનું ફરી નિવેદન

# પાકિસ્તાન ગણતરીના કલાકોમાં ઘૂંટણિયે આવી ગયું હતુંઃ વડાપ્રધાન મોદી

**ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત બેંગ્લુરૂ પહોંચેલા વડાપ્રધાન મોદીએ મેટ્રોની યેલો લાઈનનું ઉદ્ઘાટન કર્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગ્લુરૂ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તેના લીધે વિશ્વને એક નવા ભારતના સ્વરૂપના દર્શન થયા. ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત બેંગ્લુરૂ પહોંચેલા વડાપ્રધાન મોદીએ મેટ્રોની યેલો લાઈનનું ઉદ્ઘાટન કર્યું હતું.

તેમણે ત્રીજા ચરણની આધારશિલા મૂકતાં કહ્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતા એડવાન્સ ટેક્નોલોજી અને મેક ઈન ઈન્ડિયા પહેલની તાકાત પર આધારિત છે. જેમાં બેંગ્લુરૂ અને કર્ણાટકના યુવાનોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતા પાછળનું મોટું કારણ અમારી ટેક્નોલોજી અને ડિફેન્સમાં મેક ઈન્ડિયાની તાકાત છે. જેમાં બેંગ્લુરૂ અને કર્ણાટકના યુવાનોનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. હું તેના માટે તમામનો આભાર માનું છું.

ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાની સફળતા, સરહદ પાર અનેક કિ.મી. અંદર આતંકી ઠેકાણાને નષ્ટ કરવાની તાકાત તેમજ આતંકવાદના બચાવમાં ઉતરેલા પાકિસ્તાનને અમુક જ કલાકોમાં ઘૂંટણિયે લાવવાની આપણી ક્ષમતા સમગ્ર વિશ્વએ જોઈ.

કાર્યક્રમને સંબોધિત કરતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, બેંગ્લુરૂને અમે એક એવા શહેર રૂપે ઉભરતુ જોઈ રહ્યા છીએ, જે ન્યૂ ઈન્ડિયાના વિકાસનું પ્રતિક બન્યું છે. એક એવું શહેર, જેના આત્મામાં તત્ત્વજ્ઞાન છે, અને તેના એક્શનમાં ટેક્નોલોજી જ્ઞાન છે. એક એવું શહેર જેણે વૈશ્વિક સ્તરે આઈટી ક્ષેત્રે ભારતની વાહવાહી કરાવી છે.

વડાપ્રધાન મોદીએ બેંગ્લુરૂની સફળતાની ગાથા પાછળ શહેરવાસીઓની મહેનત અને તેમના ટેલેન્ટને શ્રેય આપ્યો હતો. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ૨૧મી સદીમાં શહેરીકરણ અને અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપણા શહેરોની જરૂરિયાત બન્યું છે. બેંગ્લુરૂ જેવા શહેરોમાં આપણને ભવિષ્ય માટે સજ્જ બનાવે છે. ભારત સરકારે શહેરમાં હજારો કરોડના પ્રોજેક્ટ શરૂ કર્યા છે. મેટ્રોની યલો લાઈનના ઉદ્ઘાટન સાથે આ અભિયાનને એક નવી ઉર્જા મળી છે.

ભારતના ઝડપથી વિકસી રહેલા અર્થતંત્રનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં આપણી અર્થવ્યવસ્થા ૧૦માં ક્રમેથી ટોપ-૫માં પહોંચી છે. આપણે ઝડપથી ટોપ-૩ ઈકોનોમી બનવા તરફ આગળ વધી રહ્યા છીએ.

વિકસિત ભારત, ન્યૂ ઈન્ડિયાનો આ પ્રવાસ ડિજિટલ ઈન્ડિયાની સાથે આગળ વધી રહ્યો છે. ઈન્ડિયા એઆઈ મિશન જેવી યોજનાઓથી ભારતને ગ્લોબલ એઆઈ લીડરશીપ બનવાની દિશામાં વેગ આપી રહી છે. સેમિકન્ડક્ટર મિશન હવે વેગવાન બન્યું છે. ભારત ટૂંકસમયમાં મેડ ઈન ઈન્ડિયા ચિપ બનાવવા જઈ રહ્યું છે.



### માઈક એન્ડ્રૂઝ પ્લેન ક્રેશ સ્થળની મુલાકાતે પહોંચ્યા

# અમેરિકન વકીલે લીધી અમદાવાદ પ્લેન દુર્ઘટના સ્થળની મુલાકાત

## એવિએશન-લીગલ ટીમ પણ સાઈટ પર પહોંચી, સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું : હવાઈ કંપની સામે લડત આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં સર્જાયેલ પ્લેન ક્રેશનો મામલમાં પીડિત પરિવારોએ અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝની વકીલ તરીકે નિમણૂં કરી છે. ત્યારે લંડનના વકીલે પ્લેન ક્રેશ સ્થળની મુલાકાત લીધી હતી. ૮૦ પરિજનોએ લડત આપવા કરેલી અરજી પર વકીલે ઘટના સ્થળની મુલાકાત કરી. તેઓ પરિજનો સાથે મળી હવાઈ કંપની સામે લડત આપશે. વકીલ માઈક એન્ડ્રેવસે સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું.

અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝ સુરત અને દીવ બાદ અમદાવાદ પહોંચ્યા છે. તેઓ આજથી ૧૩ ઓગસ્ટ સુધી વકીલ અમદાવાદની હયાત હોટેલમાં રોકાશે. તેઓ ૧૫ ઓગસ્ટ અમેરિકા પરત ફરશે. યુએસ લૉ ફર્મ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના કેસમાં **CVR** અને **FDR** ડેટા મેળવવા ગુજરાત કોર્ટમાં અરજી કરશે. વકીલ ડી. માઈકલ એન્ડ્ર્યુઝે કહ્યું કે, અમારી કાનૂની ફર્મની વિશેષજ્ઞ ટીમ આ ડેટાનું વિશ્લેષણ કરશે અને પછી યુએસ ફેડરલ કોર્ટમાં બોઈંગ સામે કેસ દાખલ કરશે. પ્રખ્યાત અમેરિકન કાનૂની ફર્મ બીઝલી એલેનના મુખ્ય વકીલ અને વિમાની દુર્ઘટનાના વકીલ ડી. માઈકલ એન્ડ્ર્યુઝ (માઈક), જેમણે અમદાવાદમાં એર ઈન્ડિયા **AI-171** વિમાન દુર્ઘટનાના ઘટના દિવસે મારેલા ઓછામાં ઓછા ૬૫ પરિવારજનોનું પ્રતિનિધિત્વ સંભાળ્યું છે, તેઓ શનિવારે સુરત પહોંચ્યા હતા અને ત્યાંથી એકમાત્ર જીવિત બચેલા વિશ્વાશ કુમાર રમેશને મળવા માટે દમણ ગયા હતા.

એન્ડ્ર્યુઝે કહ્યું કે તેમની કાનૂની ફર્મ ગુજરાત કોર્ટમાં અરજી દાખલ કરશે, જેથી **Cockpit Voice Re-corder (CVR)** અને **Flight Data Recorder (FDR)** ના સંપૂર્ણ ડેટાની નકલ મળી શકે. તેમણે કહ્યું, "આ ડેટાનું વિશ્લેષણ કર્યા પછી અમે યુએસ ફેડરલ કોર્ટમાં બોઈંગ સામે કેસ દાખલ કરીશું." ૧૨ જૂનના રોજ, એર ઈન્ડિયાની લંડન-ગેટવિક જતી **Boeing** વિમાની દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ અને જમીન પર ૧૯ લોકોનાં મોત થયા હતા. દુર્ઘટનાથી બચનાર એકમાત્ર વ્યકિત દીવના રહેવાસી બ્રિટિશ નાગરિક વિશ્વાશ કુમાર રમેશ છે. દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ શિકાર થયા હતા. એન્ડ્ર્યુઝે અગાઉ પણ, ઈથોપિયન એરલાઈન્સની ૨૦૧૯માં થયેલી **Boeing 737 MAX** વિમાની દુર્ઘટના જેવી ઘટનાઓમાં પીડિત પરિવારોનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેમણે કહ્યું કે "વિમાન દુર્ઘટનાઓની ન્યાયિક કાર્યવાહી માટે ભારતમાં તેમનો પહેલો કેસ હશે." તેમણે કહ્યું કે, "મૃતદેહોની ઓળખમાં થયેલી ભુલ અત્યંત દુઃખદ છે. મારી ૨૦ વર્ષની કરિયરમાં, ક્યારેય એવું નહીં બન્યું હોય જ્યાં પીડિતના પરિવારજનોને ખોટા અવશેષો આપવામાં આવ્યા હોય. અમે ભારત સરકારની તપાસ એજન્સીઓ દ્વારા એકત્રિત **CVR** અને **FDR** ડેટાના નમૂનાઓ મેળવવા માટે કોર્ટમાં અરજી કરીશું. તેમણે કહ્યું કે ડેટા દ્વારા કોકપિટની અવાજો, એલાર્મ, બીપ, પાઈલટની વાતચીત વગેરેની વિગત મળશે, જેને તેમની ટેકનિકલ ટીમ વિશ્લેષણ કરીને કોકપિટમાં દુર્ઘટનાના સમયે શું બન્યું તેની પુનર્રચના કરશે. "અમે યુનાઈટેડ કિંગડમની કાનૂની ટીમો સાથે પણ સંપર્કમાં છીએ, જે મોન્ટ્રિયલ સંમિતિ હેઠળ ક્લેમ્સ માટે મદદ કરશે. યુકેની એર એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્રાંચના એક ટુકડીએ પહેલાની તપાસ પણ કરી છે." મોન્ટ્રિયલ સંમતિમાં વિમાન દુર્ઘટનાના કેસમાં એરલાઈનની જવાબદારી નક્કી થાય છે, જેમાં મુસાફરનું મૃત્યુ કે ઈજા, માલસામાનની હાની કે વિલંબ સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે?

અંતે, એન્ડ્ર્યુઝે જણાવ્યું કે તેઓ દીવના એકમાત્ર જીવિત બચેલા વ્યક્તિ વિશ્વાશ સાથે મળવા માટે ઉત્સુક છે અને તેમના પરિવારને કાયદેસર અને માનસિક સહાય પૂરી પાડવામાં રસ ધરાવે છે. તેઓ દીવના અન્ય પીડિત પરિવારો સાથે પણ મુલાકાત કરશે.

# ચીનમાં મોટી રાજકીય ઉથલપાથલઃ વિદેશમંત્રી બનવાના હતા તે નેતાની અચાનક ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

ચીનના વરિષ્ઠ રાજદ્વારી અને વિદેશ નીતિના સૌથી સક્રિય ચહેરો ગણાતા લિયૂ જિયાનચાની ધરપકડ કરવામાં આવી છે. તેઓ વિદેશ મુલાકાત જઈને પરત આવતા જ બીજિંગમાં જ તાત્કાલીક આ કાર્યવાહી કરવામાં આવી છે. ૬૧ વર્ષિક લિયૂ ચીનમાં ખૂબ જાણીતો ચહેરો છે અને તેમને સંભવિત વિદેશ મંત્રી બનવાના પ્રબળ દાવેદાર તરીકે પણ જોવાતા હતા. વૉલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, લિયૂ જિયાનચા છેલ્લા ઘણા સમયથી વિદેશ પ્રવાસો કરીને વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરતા રહેતા હોવાથી એવી અટકળો ચાલી રહી છે કે, તેમને આગામી વિદેશ મંત્રી તરીકે પ્રમોટેડ કરવામાં આવી શકે છે. જોકે તેઓ જુલાઈના અંતમાં પરત આવતા જ ધરપકડ કરવામાં આવી છે.

ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટી અને રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગનું આંતરીક રાજકારણ રહસ્યથી ઘેરાયેલું છે, જો દેશમાં કોઈ રાજકીય ઘટના બને તો તેની માહિતી સામે આવતી નથી. ચીનના સૌથી જાણીતા ચહેરા લિયૂની ધરપકડ થઈ છે, છતાં ચીન તરફથી કોઈ સત્તાવાર પ્રક્રિયા સામે આવી નથી. ચીન સરકારના રાજ્ય પરિષદ સૂચના કાર્યાલય અને કોમ્યુનિસ્ટ પાર્ટીના આંતરરાષ્ટ્રીય સંપર્ક વિભાગે કોઈપણ ટિપ્પણી કરવાનો ઈક્કાર કરી દીધો છે. લિયુ જિઆનચાઓ એક વરિષ્ઠ ચાઈનીઝ રાજદ્વારી અને રાજકારણી છે. તેઓ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીમાં એક પ્રભાવશાળી વ્યક્તિ તરીકે ગણાય છે. લિયુ હાલમાં ચીની કોમ્યુનિસ્ટ પાર્ટીના આંતરરાષ્ટ્રીય વિભાગના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. આ પદ સંસદને બદલે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી સાથે વિદેશી રાજકીય પક્ષોના સંબંધોનું સંચાલન કરે છે. તેઓ ભૂતકાળમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેમણે ફિલિપાઈન્સ અને ઈન્ડોનેશિયામાં ચીનના રાજદૂત તરીકે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. જુલાઈ ૨૦૨૫માં વિદેશમંત્રી વાંગ યીના સ્થાને લિયુ જિઆનચાઓને ચીનના નવા વિદેશમંત્રી તરીકે માનવામાં આવી રહ્યા હતા. જોકે, તેમણે આરોગ્યની સમસ્યાના કારણોસર રાજીનામું આપ્યું હતું. તેમના રાજીનામા પાછળના કારણો સ્પષ્ટ નથી. આ ઘટનાથી એવી અટકળો ફેલાઈ રહી છે કે રાષ્ટ્રપતિ શી જિનપિંગના શાસનમાં ટોચના અધિકારીઓમાં અસુરક્ષાનું વાતાવરણ છે. ઉત્તરપૂર્વીય પ્રાંત જિલિનમાં જન્મેલા લિયુએ બેઈજિંગ ફોરેન સ્ટડીઝ યુનિવર્સિટીમાંથી અંગ્રેજીમાં સ્નાતક થયેલા છે અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી આંતરરાષ્ટ્રીય સંબંધોનો અભ્યાસ કરેલો છે. તેમણે વિદેશ મંત્રાલયમાં અનુવાદક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે બ્રિટનમાં ચીની મિશનમાં સેવા આપી અને ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સમાં રાજદૂત રહ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા તરીકે તેઓ તેમના સ્પષ્ટ જવાબો માટે જાણીતા છે.

### ચૂંટણી પહેલા માર્યો માસ્ટર સ્ટ્રોક

# કેજરીવાલે ગુજરાતમાં એક્ટિવ કર્યું પોતાનું મિશન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુજરાત વિધાનસભા પેટાચૂંટણી જીત્યા પછી, આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં સભ્યપદ અભિયાન અને નગરપાલિકા ચૂંટણી માટે ફોર્મ શરૂ કર્યું છે. નગરપાલિકા ચૂંટણીમાં લડવા માંગતા કાર્યકરો આ ફોર્મ ભરી અને સબમિટ કરી શકે છે. કેજરીવાલે તેમની ગુજરાત મુલાકાત દરમિયાન યુવાનોને તક આપવાની જાહેરાત કરી હતી. આ વર્ષના અંત સુધીમાં ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, આમ આદમી પાર્ટીએ તેની તૈયારીઓ તેજ કરી દીધી છે. પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે આ વખતે તે કોઈપણ ગઠબંધન વિના ચૂંટણી લડશે. પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ સોમવારે જાહેરાત કરી હતી કે આમ આદમી પાર્ટી કોંગ્રેસ સાથે કોઈ ગઠબંધન કરશે નહીં અને સંપૂર્ણ તાકાત સાથે એકલા ચૂંટણી લડશે.દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુલાકાત પછી આમ આદમી પાર્ટી **(AAP)** એ તેના મિશન ગુજરાતને વેગ આપ્યો છે. રાજ્ય 'ગુજરાત જોડો' સભ્યપદ અભિયાન પછી, પાર્ટીએ હવે નગરપાલિકા ચૂંટણી માટે ઉમેદવાર ફોર્મ શરૂ કર્યું છે. પાર્ટીના પ્રદેશ વડા ઈસુદાન ગઢવીએ અપીલ કરી છે કે ચૂંટણી લડવા માંગતા ઉગ્રવાદી નેતાઓ જન્માષ્ટમીથી ફોર્મ ભરી શકે છે. આ વર્ષના અંતમાં ગુજરાતના શહેરોમાં ચૂંટણી યોજાવાની છે. તેમાં રાજ્યના મોટા શહેરોનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં, આમ આદમી પાર્ટી આ ચૂંટણીઓમાં પોતાની મજબૂત હાજરી બતાવવા માંગે છે. **AAP** નો દાવો છે કે તેને એક મહિનામાં સભ્યપદ માટે પાંચ લાખથી વધુ મિસ્ડ કોલ મળ્યા છે. પાર્ટીના મતે, વિસાદ્વારની જીત પછી, યુવાનોનો પક્ષ તરફનો ઝુકાવ વધ્યો છે. ઈસુદાન ગઢવીએ દાવો કર્યો છે કે મોટી સંખ્યામાં ભાજપ અને કોંગ્રેસના સમર્થકો પણ તૂટી ગયા છે. તેઓ છઈઁ તરફ વળ્યા છે. સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી વિરોધ પક્ષમાં છે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં બે ડઝનથી વધુ બેઠકો જીત્યા પછી જ પાર્ટીએ ગુજરાતમાં પગ મૂક્યો હતો. ત્યારબાદ સુરતના પરિણામો અંગે ઘણી ચર્ચા થઈ હતી. આ પછી, ૨૦૨૨ માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં **AAP** એ પાંચ બેઠકો જીતી હતી. આમ આદમી પાર્ટીએ દાવો કર્યો છે કે પાર્ટીની ૧૫૦ જાહેર સભાઓમાં ૧ લાખથી વધુ લોકોએ ભાગ લીધો છે. પાર્ટીના રાજ્ય પ્રવક્તા ડૉ. કરણ બારોટના જણાવ્યા અનુસાર, ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરો ૧૬ ઓગસ્ટથી આ ફોર્મ ભરીને જિલ્લા અને પ્રદેશ કાર્યાલયમાં સબમિટ કરી શકે છે. કેજરીવાલે દિલ્હીના ભૂતપૂર્વ મંત્રી ગોપાલ રાયને પ્રભારી બનાવીને ગુજરાતમાં પાર્ટીને મજબૂત બનાવવાની જવાબદારી સોંપી છે. તેમની સાથે ધારાસભ્ય દુર્ગેશ પાઠક અને ભૂતપૂર્વ ધારાસભ્ય ગુલાબ સિંહ મતિયાલાને સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે.

ઈસુદાન ગઢવીએ સ્પષ્ટ કર્યું છે કે પાર્ટી પોતાના દમ પર નાગરિક ચૂંટણી લડશે. ચૂંટણીમાં કોંગ્રેસ સાથે કોઈ ગઠબંધન નહીં થાય. ઈસુદન ગઢવીએ કહ્યું છે કે ગુજરાતમાં ફક્ત આપ જ ભાજપ સામે લડી શકે છે અને બીજું કોઈ આવું કરી શકશે નહીં. તેમણે કહ્યું કે આપના નેતૃત્વમાં ગુજરાત ભય, જાતિવાદ અને ભાઈબંધીવાદથી મુક્ત થશે. કેજરીવાલ અને ભગવંત માનની મુલાકાત બાદ આપના તમામ નેતાઓ સક્રિય છે.

### વડાપ્રધાન મોદી કરશે લોકાર્પણ

# દિલ્હીમાં સાંસદો માટે અત્યાધુનિક સુવિધાઓ સાથે નવા ૧૮૪ ફ્લેટ તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે નવી દિલ્હીમાં બાબા ખડકસિંહ માર્ગ પર સાંસદો માટે બનાવવામાં આવેલા ૧૮૪ નવા ટાઈપ-૭ બહુમાળી ફ્લેટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી મોદી રહેણાંક સંકુલમાં સિંદૂરનો છોડ રોપશે. તેમજ કામદારો સાથે વાતચીત કર્યા બાદ હાજર જનસમૂહને સંબોધિત કરશે.

આ રહેણાંક સંકુલ સ્વ-નિર્ભર રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે. તે સાંસદોની કાર્યાત્મક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ પ્રોજેકટમાં ગ્રીન ટેકનોલોજી અપનાવવામાં આવી છે, **GRIHA**ના ૩-સ્ટાર રેટિંગ ધોરણોનું પાલન અને નેશનલ બિલ્ડીંગ કોડ **(NBC)** ૨૦૧૬નું પાલન કરે છે. આ પર્યાવરણીય રીતે ટકાઉ સુવિધાઓથી સજ્જ ઉર્જા સંરક્ષણ, રિન્યુએબલ એનર્જી ઉત્પાદન અને અસરકારક કચરા વ્યવસ્થાપનમાં ફાળો આપે તેવી અપેક્ષા છે.

તેના બાંધકામમાં અદ્યતન ટેકનોલોજી, ખાસ કરીને એલ્યુમિનિયમ શટરિંગ સાથે મોનોલિથિક કોંક્રિટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવાની તેમજ માળખાકીય મજબૂતાઈ સુનિશ્ચિત કરી છે. આ સંકુલ દિવ્યાંગો માટે અનુકૂળ છે. જે સમાવેશી ડિઝાઈન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સંસદના સભ્યો માટે પર્યાપ્ત આવાસની અછતના કારણે આ પ્રોજેક્ટનો વિકાસ અત્યંત જરૂરી બન્યો હતો. જમીનની મર્યાદિત ઉપલબ્ધતાના કારણે વર્ટિકલ નિર્માણને પ્રાથમિકતા આપવામાં આવી છે. દરેક ફ્લેટમાં લગભગ ૫,૦૦૦ ચોરસ ફૂટનો કાર્પેટ એરિયા છે, જે રહેણાંક અને સત્તાવાર કાર્યો માટે પૂરતી જગ્યા પૂરી પાડે છે. સંકુલમાં ઓફિસો, સ્ટાફ માટે રહેવાની વ્યવસ્થા અને સમુદાય કેન્દ્ર માટે સમર્પિત વિસ્તારો પણ શામેલ છે, જે સાંસદોને જનપ્રતિનિધિ તરીકે તેમની જવાબદારીઓ નિભાવવામાં મદદ કરશે. સંકુલમાં તમામ ઈમારતો આધુનિક માળખાકીય ડિઝાઈન ધોરણો અનુસાર ભૂકંપ પ્રતિરોધક બનાવવામાં આવી છે. ઉપરાંત, તમામ રહેવાસીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક અને મજબૂત સુરક્ષા વ્યવસ્થા મૂકવામાં આવી છે.




# તંત્રી લેખ......

## ટ્રમ્પને પાઠ ભણાવવાની તૈયારી કરી રહ્યું છે ભારત

ભારત યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફનો બદલો લેવા માટે મોટી તૈયારીઓ કરી રહ્યું છે. અમેરિકાએ ભારતમાંથી આયાત કરેલા સ્ટીલ, એલ્યુમિનિયમ અને સંબંધિત ઉત્પાદનો પર ૫૦ ટકા ડ્યુટી લાદ્યાના જવાબમાં ભારત પસંદગીના અમેરિકન માલ પર ટેરિફ લાદવાનું વિચારી રહ્યું છે. એક ખાનગી રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. અહેવાલ મુજબ, જો તેને મંજૂરી આપવામાં આવે છે, તો યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૩૧ જુલાઈએ તમામ ભારતીય માલ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કર્યા પછી, ૬ ઓગસ્ટે ભારતના રશિયન તેલ આયાત પર નવા ટેરિફ જાહેરાત કર્યા પછી, તે ભારતની પ્રથમ ઔપચારિક પ્રતિક્રિયાત્મક કાર્યવાહી હશે. સ્ટીલ અને એલ્યુમિનિયમ વિવાદ ફેબ્રુઆરીથી ગરમાઈ રહ્યો છે, જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે આ ધાતુઓ પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો હતો. જૂનમાં, ડ્યુટી બમણી કરીને ૫૦ ટકા કરવામાં આવી હતી. આનાથી ઓછામાં ઓછા $7.6 બિલિયન મૂલ્યના ભારતીય નિકાસને અસર થઈ છે. રિપોર્ટ મુજબ, ભારતે વિશ્વ વેપાર સંગઠન (WTO) પાસેથી પરામર્શ માંગ્યો હતો, દલીલ કરી હતી કે આ પગલાં રાષ્ટ્રીય સુરક્ષા પગલાં તરીકે છુપાયેલા હતા, પરંતુ હકીકતમાં, WTO અનુરૂપ સલામતી ફરજો નહોતા. વોશિંગ્ટને વાટાઘાટો કરવાનો ઈનકાર કર્યા પછી, નવી દિલ્હીએ હવે WTO નિયમો હેઠળ બદલો લેવા માટે કાનૂની પાયો નાખ્યો છે. સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, યુએસ વાટાઘાટો દ્વારા ભારતની ચિંતાઓને દૂર કરવા તૈયાર નથી, જેના કારણે ભારત પાસે બદલો લેવા સિવાય કોઈ વિકલ્પ નથી. યુએસ ટેરિફથી થયેલા નુકસાનના પ્રમાણમાં કેટલાક યુએસ માલ પર ડ્યુટી લાદીને બદલો લેવાની કાર્યવાહી શરૂ થઈ શકે છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે યુએસ ભારતના આર્થિક હિતો વિરુદ્ધ અન્યાયી રીતે કાર્ય કરી રહ્યું છે, ભલે બંને દેશો દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા હોય, તેમણે વધુમાં કહ્યું કે ભારત યુએસએના એકપક્ષીય અને ગેરવાજબી પગલાંનો જવાબ આપવાનો અધિકાર અનામત રાખે છે.

### ગ્રામ્ય પોલીસિંગ અંતર્ગત પોલીસ અને સરપંચ પરિસંવાદઃ એક અનોખી પહેલ

# ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે આજે રાજ્યભરમાં 'પોલીસ-સરપંચ પરિસંવાદ' કાર્યક્રમ યોજાયા








ગ્રામ્ય પોલીસિંગને વધુ સુદૃઢ અને અસરકારક બનાવવાના ઉદ્દેશ્યથી આજે સમગ્ર ગુજરાતમાં પોલીસ અને સરપંચ વચ્ચે 'પરિસંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તમામ પોલીસ મથકના અધિકારીઓ અને ગામના સરપંચોએ સાથે મળીને ગ્રામીણ સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા અંગે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

આ અનોખી પહેલ અંતર્ગત ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી સુરત જિલ્લાના કામરેજ પોલીસ સ્ટેશન ખાતે હાજર રહ્યા હતા. તેમણે સરપંચો અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો અને તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. આ જ રીતે, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં સરપંચો અને ગ્રામજનો સાથે પરિસંવાદમાં જોડાયા હતા. તે ઉપરાંત રાજ્યના દરેક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીઓ તેમના કાર્યક્ષેત્રમાં આવતા તમામ ગામોના સરપંચો સાથે સીધો સંવાદ કર્યો હતો. રાજ્યભરમાં પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં યોજાયેલા આ પરિસંવાદમાં પોલીસ-સરપંચ સમન્વય માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ હતી. જે પૈકી પોલીસ અને સરપંચ વચ્ચે સંકલન વધારવા માટે દરેક ગામના સરપંચ અને પોલીસ અધિકારીઓનું એક વોટ્સએપ ગ્રુપ બનાવવામાં મહત્વપૂર્ણ સૂચન થયું હતું, જેથી તાત્કાલિક માહિતીની આપ-લે થઈ શકે. ગામમાં બનતા કોઈપણ બનાવની તાત્કાલિક પોલીસને જાણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો. સાયબર સુરક્ષા અને ટ્રાફિક જાગૃતિ અંતર્ગત ઓનલાઈન છેતરપિંડીથી બચવા માટે સાયબર અવેરનેસ અને માર્ગ સલામતી માટે ટ્રાફિકના નિયમો અંગે જરૂરી માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત મહિલા સુરક્ષા, નવા કાયદા, ગુનાખોરી અટકાવવા માટે ગ્રામ કક્ષાએ સીસીટીવી કેમેરા તેમજ ડ્રગ્સ અને નશાબંધી નિવારણ માટે પોલીસ અને ગ્રામજનોના સંયુક્ત પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરપંચોને તેમના પ્રશ્નો રજૂ કર્યા હતા તેમજ સુધારાના સૂચનો પણ આપ્યા હતા. એટલું જ નહીં, સરપંચોને પોલીસ સાથે સક્રિય સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેથી સૌ સાથે મળીને એક આદર્શ ગ્રામ્ય પોલીસિંગનું નિર્માણ કરી શકે. આ પહેલથી ગ્રામીણ સ્તરે પોલીસ અને જનતા વચ્ચેનો સેતુ વધુ મજબૂત બનશે તેવી આશા છે. જિલ્લા કક્ષાના કાર્યક્રમોમાં તમામ રેન્જના વડાઓ, પોલીસ અધિક્ષકશ્રીઓ તેમજ ડીવાયએસપી સહિતના પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# હું ભાજપના લોકો પર ભરોસો કરતો નથી : પાર-તાપી પ્રોજેક્ટ વિવાદ માં સીઆર પાટીલ ના નિવેદન બાદ અનંત પટેલની પ્રતિક્રિયાઃ યોજના નહી થાય તેવુ મને લખી આપો નહીતર ૧૪ મી એ આર-પાર માટે ધરમપુરમાં રેલી

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના પાર તાપી પ્રોજેક્ટ પરના નિવેદન બાદ પ્રતિક્રિયા આપતા વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યુ હતુ કે ભાજપના લોકો પર હું ભરોસો રાખતો નથી અને આદિવાસી સમાજ પણ ભરોસો રાખવા તૈયાર નથી. આદિવાસી સમાજ હવે વિશ્વાસ કરવાના મુડમાં નથી તેમણે કહ્યુ કે તેમણી માંગણી છે કે આ યોજના હવે પછી કરવામાં આવશે નહી, એવુ લેખિતમાં આપો અથવા લોકસભામાં શ્વેતપત્ર રજુ કરો કે આ યોજના કદી પણ નહી બને, અનંત પટેલે ઉમેર્યુ કે આદિવાસી સમાજ જાગી ગયો છે અને નેટ પર સર્ચ કરવાથી ડીપીઆરની માહિતી મળી જશે એટલે સમાજને ભોળવવાની કોશિષ ન કરો, તેમણે ૧૪ તારીખે ધરમપુરમાં આર-પાર ની રેલી કાઢીને જન આક્રોશ પહોચાડવાની વાત કરી હતી,





વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે સીઆર પાટીલના નિવેદન પર પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે આજે જે રીતે સાંસદ સીઆર પાટીલે નિવેદન આપ્યુ કે આવુ કોઈ પણ ડીપીઆર રજુ થયો નથી અથવા ડીપીઆર બન્યો નથી ત્યારે મારે એટલુ જ પુછવુ છે કે જો ડીપીઆર ન બન્યો હોય કે આ યોજના ન થવાની હોય તો હવે આદિવાસી સમાજ તમારો વિશ્વાસ કરવાનો નથી, તમારે જો આદિવાસી સમાજનો વિશ્વાસ સંપાદન કરવો હોય તો આ યોજના હવે પછી કરવામાં આવશી નહી એવુ લેખિતમાં આપો, નહી તો લોકસભામાં વાઈટ પેપર (શ્વેતપત્ર) રજુ કરો કે આ યોજના કદી પણ બને નહી અને આ યોજના કોઈપણ દિવસ આ વિસ્તારમાં ડેમ બનશે નહી એવુ વાઈટ પેપર તમે રજુ કરો હું ભાજપના લોકો પર વિશ્વાસ કરતો નથી, અને આદિવાસી સમાજ પણ વિશ્વાસ કરતો નથી. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે આદિવાસી સમાજ જાગી ગયો છે નેટ પર તમે સર્ચ કરો તો એનો ડીપીઆર બતાવશે, આ યોજના વિશે ની માહિતી બતાવશે એટલે આદિવાસી સમાજ ભોળો છે એને ભોળવવાની કોશિશ નહી કરો, આદિવાસી સમાજને મુરખ બનાવવાની કોશિશ ન કરો, અમારૂ આયોજન ૧૪ તારીખે આર-પારની લડાઈનુ આયોજન છે. અમે એ દિવસે ધરમપુરમાં મોટામાં મોટી રેલી કાઢીને આદિવાસી સમાજનો જનઆક્રોશ લોકો સુધી પહોચાડીશુ, અમે એક ઈંચની જમીન કે એક ઈંચ એક બુંદ પાણી આપવાના નથી, આટલુ તમે સમજી લો, લડેંગે જીતેંગે, તો બીજી તરફ ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે જણાવ્યુ હતુ કે પાર-તાપી નર્મદા યોજનાને પડતી મુકવામાં આવી છે. ભુતકાળમાં નાણાંમંત્રી નિર્મલા સીતારામણે આ યોજનાની જાહેરાત કરી હતી પરંતુ આદિવાસીઓની લાગણીઓને માન આપીને આ પ્રોજેક્ટ પડતો મુકાયો હતો. તુષાર ચૌધરીના નિવેદન કે આ યોજના ફરી શરૂ કરાઈ છે અને ડીપીઆર લોક સભામાં રજુ કરાયો છે તે અંગે પાટીલે સ્પષ્ટતા કરી હતી કે આવો કોઈ ડીપીઆર લોકસભામાં રજુ થતો નથી અને હાલમાં મંત્રાલયમાં આવી કોઈ યોજના નથી. કોંગ્રેસ પાસે મુદ્દા ન હોવાથી આવા ભ્રામક મુદ્દાઓ ઉછાળી રહી છે. પાટીલે આદિવાસીઓને ખાત્રી આપી હતી કે તેમના હિત વિરૂધ્ધ કોઈ કાર્ય નહી થાય.

### જેતપુર મગફળી ચોરી કેસ

# નાફેડના તમામ ગોડાઉનમાં CCTV કેમેરા લગાવાશે

### વેરહાઉસમાંથી ૧૨૧૨ મગફળીની બોરીઓ ચોરાઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના જેતપુરમાં ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીની ચોરી થઈ હતી. જેને લઈને વિપક્ષે સરકાર પર સવાલો ઉઠાવ્યા છે. ત્યારે આ સમગ્ર મામલે નાફેડના ચેરમેન જેઠા ભરવાડએ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે હવેથી નાફેડના તમામ ગોડાઉનમાં CCTV કેમેરા લગાવવામાં આવશે.

મળતી માહિતી મુજબ, રાજકોટના જેતપુર તાલુકાના જેતલસર ગામ નજીક સેન્ટ્રલ વેર હાઉસિંગ કોર્પોરેશન તરફથી ગિરીરાજ વેરહાઉસ ભાડે રખાયેલા ગોડાઉનમાં ૫૭૬૦૦ મગફળીની બોરીઓ રાખવામાં આવી હતી. જેમાં ૫ થી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ગિરીરાજ વેરહાઉસમાં રાખેલી મગફળીમાંથી ૧૨૧૨ મગફળીની બોરીઓ ચોરી થઈ હતી. જેમાં અમદાવાદની શ્રીરામ એન્ટરપ્રાઈઝ નામની એજન્સીને વેરહાઉસની દેખરેખનો કોન્ટ્રાક્ટ સોંપાયો હતો. ૩૧.૬૪ લાખની કિંમતની મગફળીની ચોરી થતાં ખળભળાટ મચી ગયો હતો.

આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને આરોપીઓ પકડાઈ ગયા છે, તેમજ રિકવરીની કાર્યવાહી પણ ચાલુ છે. જેઠા ભરવાડે સ્પષ્ટતા કરી કે, આ ચોરીથી નાફેડને એક પણ રૂપિયાનું નુકસાન થયું નથી.

ચોંકાવનારી વાત તો એ છે કે, એક તરફ જેઠા ભરવાડ કહે છે કે, આ ચોરીથી નાફેડને એક પણ રૂપિયાનું નુકસાન થયું નથી. તો બીજી તરફ રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ચોરી બાબતે અમારા વિભાગને કોઈ લેવાદેવા નથી. સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદી સારી રીતે પૂર્ણ કરી છે. જ્યારે ખરીદી બાદ એજન્સી અને નાફેડની જવાબદારી રહે છે. મહત્ત્વનું છે કે, વેરહાઉસમાં ૬-૬ મહિને ફિઝીકલ વેરિફિકેશન કરવામાં આવતું હોય છે. જોકે, મગફળીની ચોરી મામલ અનેક સવાલો ઊભી થયા છે. કેમ ગોડાઉનમાં સીસીટીવી કેમેરા ન હતા. સિક્યોરિટી હોવા છતાં મગફળી કેમ ચોરાઈ?

# અંબાજીમાં બિરસામુંડા જન્મજયંતિની ઉજવણીમાં ખુરશીઓ ખાલી રહેતા ભાજપના લોકોમાં ચિંતાના વાદળો ઘેરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકામાં આવેલી અંબાજી આદિવાસી આશ્રમ શાળાના હોલમાં આજે દેશના મહાન આદિવાસી નેતા અને સ્વાતંત્ર સેનાની બિરસામુંડાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.



આ કાર્યક્રમનુ આયોજન રાજયના આરોગ્ય મંત્રી ઋષીકેશ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યુ હતું. જો કે અગાઉ થી ભીડ એકઠી કરવા માટે તંત્ર અને ભાજપના આગેવાનોને સુચનો કર્યા હોવા છતાં પણ આ કાર્યક્રમમાં હોલમાં ખાલી ખુરશીઓ રહી હોવાનુ જાણવા મળ્યુ હતું. જેને લઈ ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. બિરસામુંડા જેમને ભગવાન બિરસા તરીકે પણ ઓળખવામાં આવે છે એક એવા આદિવાસી નેતા હતા જેમણે ૧૯ મી સદીમાં બ્રિટીશ શાસન સામે આદિવાસી સમાજના હક્કો અને સ્વાતંત્ર માટે લડત આપી હતી. તેમની જન્મ જયંતિ દર વરસે આદિવાસી સમાજના ગૌરવ અને તેમના યોગદાનને યાદ કરવા માટે ઉજવવામાં આવે છે.

ચાલુ વરસે પણ અંબાજીમાં આ કાર્યક્રમ દ્વારા તેમના જીવન અને કાર્યોને યાદ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આયોજકો દ્વારા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો, સ્થાનિક આગેવાનો અને અન્ય નાગરીકોની હાજરીની અપેક્ષા રાખવામાં આવી હતી જો કે હોલમાં ઘણી ખુરશીઓ ખાલી રહી હતી જેના કારણે સ્થાનિક લોકો અને ભાજપના આગેવાનો તેમજ નિરીક્ષકોમાં ચર્ચા શરૂ થઈ હતી. કેટલાક લોકોનુ માનવુ હતુ કે આદિવાસી સમાજ હાલમાં પોતાની વિવિધ માંગણીઓને લઈને રસ્તાઓ પર ઉતર્યા હોવાથી આ કાર્યક્રમમાં લોકોની હાજરી ઓછી રહી હતી.

## ઉપલેટામાં લાંબા વિરામ બાદ વરસાદનું આગમન

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉપલેટા

હવામાન વિભાગની આગાહી વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. રાજકોટના ઉપલેટમાં લાંબા વિરામ બાદ વરસાદનું આગમન થયું છે. ઉપલેટા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. અસહ્ય ઉકળાટથી સ્થાનિકોને રાહત મળી છે. વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળે છે. આ ઉપરાંત કપાસ, મગફળી, સોયાબીન, તુવેર અને એરંડાનો પાક થશે તેવી સંભાવના છે. બીજી તરફ આજે વહેલી સવારથી જ વલસાડમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી રહ્યાં છે. વલસાડના MG રોડ, છીપવાડ હનુમાન મંદિર, દાણા બજારમાં પાણી ભરાયા છે. વહેલી સવારથી વરસાદના કારણે પાણી ભરાતા વાહનચાલકોને પરેશાની ભારે વરસાદના કારણે રસ્તાઓ જળમગ્ન થયા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# અમદાવાદમાં રહીને ખેલ પાડતી લુંટેરી દુલ્હનની ટોળકી : એક યુવતિએ ૪ યુવક સાથે ફર્યા ફેરાઃ લગ્ન બાદ રોકડ દાગીના લઈ રફુચક્કર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદમાં રહીને યુવકોને છેતરતી લુંટેરી દુલ્હનની ટોળકી નો કિસ્સો બનવા પામ્યો છે જેમાં ગઈ તા. ૧૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ફુદેડા ગામે લુંટેરી દુલ્હનનો ભોગ બનેલા ખેડુતે લાડોલ પોલીસ મથકે લુંટેરી દુલ્હન સહિત આખી ટોળકી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. આ કેસમાં હવે અન્ય પીડીતો પણ સામે આવી રહ્યા છે. મહેસાણા સહિત અન્ય જિલ્લાઓમાં પણ આ ટોળકી વિરૂધ્ધ અલગ અલગ પોલીસ મથકે ૫ ફરીયાદો નોંધાઈ છે.

પીડીત પરીવારે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ ગેંગ અમદાવાદમાં બોલાવી ખોટા બોગસ પરીવારને બતાવી પોતાનો ખેલ પાર પાડતી હતી. ભોગ બનેલા પાંચમાંથી ચાર યુવકો સાથે એક જ યુવતિએ સાનીયા નામ ધારણ કરીને લગ્ન કર્યા હતા. આ કાંડ માટે યુવતિએ આધારકાર્ડ પણ નકલી બનાવ્યુ હતું. આ જ ગેંગની રીન્કુ નામની યુવતિ પણ લગ્ન કરી ત્રીજા દિવસે ફરાર થઈ ગઈ હતી. આ ગેંગમાં અન્ય ૩ યુવતિ પણ સંડોવાયેલી છે. જો કે કેટલોક પરીવાર આબરૂ જવાના ડરે ફરીયાદ ન કરતા હોવાનુ પણ પીડીત પરીવારે જણાવ્યુ હતું. મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ફુદેડા ગામે ૪૩ વર્ષીય પરિણિત યુવક તેના માતા સાથે રહે છે અને ખેતી કરીને ગુજરાન ચલાવે છે. ૨૦૦૩ માં સામાજિક કારણોસર યુવકના પ્રથમ લગ્ન જીવનનો અંત આવ્યો હતો. બાદમાં માતાની દેખરેખ માટે તેણે બીજા લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. આજથી પાંચેક માસ અગાઉ યુવકના કાકાની મુલાકાત ઘેઘુ ગામની ગંગાબેન નામની મહિલા સાથે થઈ હતી જેમાં તેઓએ ભત્રીજાના લગ્ન કરાવવા હોવાની વાત કરી હતી. આ સમયે ગંગાબેને અમદાવાદની સાનીયા નામની યુવતિ સાથે લગ્ન કરાવવાની વાત કરી હતી.



ત્યારબાદ ગંગાબેને અમદાવાદના જશોદાનગરમાં યુવક અને તેના પરીવારની મુલાકાત સાનીયા અને જશીબેન સાથે કરાવી હતી. બાદમાં પરીવારને સાનીયા પસંદ આવતા લગ્ન માટે જશીબેન અને ગંગાબેને રૂપીયા ૨.૫૦ લાખની માંગણી કરી હતી. જેમાં યુવકે પ્રથમ હપ્તા પેટે રૂપીયા ૨૧ હજાર ચુકવ્યા હતા, ગઈ તા. ૯ મે ૨૦૨૫ ના રોજ લગ્ન કરી યુવતિને યુવકના ગામમાં લાવવામાં આવી હતી, થોડા દિવસ બાદ જશીબેન અને ગંગાબેન ફુદેડા આવ્યા હતા અને સાનીયાના ભાઈના અકસ્માતનુ બહાનુ બતાવીને તેને અમદાવાદ લઈ ગયા હતા, ત્યારબાદ સાનીયા પરત ન ફરતા યુવકે સંપર્ક કરવાના પ્રયાસો કર્યા પણ સંપર્ક થયો ન હતો, આ સાથે જ તપાસ કરતા તમામ લોકો ફરાર થઈ ગયાની જાણ થતા યુવકે આ મામલે લાડોલ પોલીસ મથકમાં ચાર શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. અન્ય એક સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના એક ગામમાં રહેતા પટેલ પરીવારમાં પોતાના દિકરા માટે માતા પિતા યુવતિ શોધતા હતા. ૨૫ વર્ષીય યુવક માટે છોકરી શોધતા શોધતા તેનો લુંટેરી ગેંગ સાથે ભેટો થયો હતો. આ ગેંગમાં સાનીયા નામની યુવતિ અમદાવાદના કમોડ વિસ્તારમાં પોતાના મામા વિશાલભાઈના ત્યાં આવી હતી, જયાં પટેલ પરીવાર છોકરી જોવા ગયો હતો અને છોકરી પસંદ આવતા લુંટેરી ગેંગના લોકોએ લગ્ન માટે અઢી લાખની માંગણી કરી હતી, જયાં પટેલ પરીવાર પૈસા આપવા તૈયાર થયો હતો, છોકરી ને જોયા બાદ ૧૫ દિવસમાં લગ્ન કરવાનુ નકકી કરવામાં આવ્યુ હતું. ગામના મંદિરમાં વીધી પ્રમાણે લગ્ન કરવામાં આવ્યા હતા. બાદમાં સાનીયા નામની દુલ્હન ચાર દિવસ પટેલ પરીવાર સાથે રહી પોતાના ભાઈને મળવા અમદાવાદ જવુ છે, તેવુ કહી નિકળી ગઈ હતી, ત્યારબાદ આ ગેંગ ફરાર થઈ ગઈ હતી. બાદમાં પરીવારે તપાસ કરતા જયાં છોકરી જોવા ગયા હતા, એ ઘરને તાળા લાગેલા જોવા મળ્યા હતા.

મુળ પાટણ જિલ્લામાં આવેલા જાખા ગામના અને વડોદરામાં રહેતા ૩૫ વર્ષીય રાજેશ ના લગ્ન માટે પરીવાર યુવતિ શોધી રહ્યો હતો આ દરમિયાન એમના જ સમાજના સંજય નામના યુવકે રાજકોટ ની સાનીયા સાથે લગ્ન ની વાત કરી હતી, સાનીયા યુવકના ઘરે આવી અને પોતે રાજકોટ રહેતી હોવાનુ જણાવ્યુ હતુ. બાદમાં યુવક યુવતિ બંનેને પસંદ આવતા લગ્ન માટે વાત આગળ કરતા લુંટેરી દુલ્હન ગેંગ દ્વારા શરૂઆતમાં ૫૦ હજાર રૂપીયા માંગ્યા હતા, ત્યારબાદ એક અઠવાડીયામાં લગ્ન કરવાનુ નકકી કર્યુ હતું. બાદમાં યુવક યુવતિના ફુલહાર કરવામાં આવ્યા હતા જયાં યુવકના પરીવારે લુંટેરી દુલ્હન સાનીયાને સોનાના દાગીના પણ લઈ આપ્યા હતા. લગ્નના ચાર દિવસ બાદ સાનીયાના બનાવટી કાકા તેને તેડવા આવ્યા અને કહ્યુ હતુ કે તમે પછી સાનીયાને લઈ જજો, યુવકના પરીવારે લગ્ન માટે અઢી લાખ રૂપીયા આ ગેંગને આપ્યા હતા. સમગ્ર ઘટનામાં સાનીયા ચાર દિવસ રહ્યા બાદ દાગીના લઈ રફુ ચક્કર થઈ ગઈ હતી. ત્યારબાદ યુવકના પરીવારે વડોદરા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જો કે આ લુંટેરી દુલ્હન આજ દીન સુધી પરત ફરી નથી.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ.૧૮૦ કરોડના ખર્ચે વન વિભાગના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું

# બરડા વન્યજીવ અભ્યારણ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી શ્રી ભૂપેંદ્ર યાદવની ઉપસ્થિતિમાં વિશ્વ સિંહ દિવસની ગૌરવભેર ઉજવણી કરાઈ





ગુજરાતના સાવજ આજે દેશની અસ્મિતાનું વૈશ્વિક પ્રતીક બન્યા છે, તેવું આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના બરડા વન્યજીવ અભ્યારણ ખાતે યોજાયેલા વિશ્વ સિંહ દિવસની ઉજવણીમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

દેશ અને દુનિયાભરના સિંહ પ્રેમીઓ અને પ્રકૃતિ પ્રેમીઓને વિશ્વ સિંહ દિવસની શુભેચ્છાઓ પાઠવીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભગવાન શ્રી કૃષ્ણએ કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનને આપેલા ગીતા સંદેશમાં કહ્યું છે કે, પ્રાણીઓમાં હું મૃગરાજ સિંહ છું.

૧૪૩ વર્ષના લાંબા સમય બાદ બરડા ડુંગરમાં સિંહોએ કુદરતી રીતે પુનઃ વસવાટ શરૂ કર્યો છે, તે વાતનો આનંદ વ્યક્ત કરીને મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બરડામાં સિંહ સંરક્ષણ માટે તમામ જરૂરી સહાય સુવિધાઓ આપવાની જાહેરાત કરી છે. વડાપ્રધાનશ્રીના વિઝન અને વન વિભાગની પ્રો-એક્ટિવ પ્રેક્ટિસીસને લીધે ગીરમાં સિંહોની સફળ સંવર્ધન-ગાથા વૈશ્વિક બની છે. આપણા વનરાજનો વૈભવ જળવાઈ રહે અને ભવિષ્યમાં પણ સતત વધતો રહે તે માટે વડાપ્રધાનશ્રીએ 'પ્રોજેક્ટ લાયન' શરૂ કરાવ્યો છે. આ પ્રોજેક્ટમાં સિંહના હેબિટેટ અને વસતિ પ્રબંધન, વન્ય પ્રાણી આરોગ્ય, માનવ અને પ્રાણી ઘર્ષણ, સ્થાનિક લોકોનો સહકાર, પ્રવાસન વિકાસ, વૈજ્ઞાનિક સંશોધન અને તાલીમ, ઈકો ડેવલપમેન્ટ તેમજ જૈવ વિવિધતાના સંરક્ષણ જેવી બાબતોને આવરી લેવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે, વન્યજીવોની માવજત અને સંરક્ષણની વાતને વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં અગ્રીમતા અપાઈ છે. જેની ફલશ્રુતિરૂપે સિંહોની સંખ્યા ૬૭૪થી વધીને ૮૯૧ થઈ છે. સિંહોની વધતી વસ્તી આપણા સૌ માટે ગૌરવની વાત છે.

વડાપ્રધાનશ્રીએ હંમેશા પ્રકૃતિ, પર્યાવરણ અને પ્રાણીઓના સંરક્ષણને આપણી જવાબદારી ગણાવી છે, એવું કહીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સ્થાનિક લોકો અને ગીરના સિંહો વચ્ચે ઈમોશન અને ઈકોનોમી બંન્નેનો સંબધ કેળવાયો છે. સિંહના વિચરણનો વિસ્તાર પાછલા અઢી દાયકામાં ૩ જિલ્લાથી વધીને ૧૧ જિલ્લા સુધી વિસ્તર્યો છે. સ્થાનિક રહેવાસીઓમાં "સિંહ છે તો અમે છીએ અને અમે છીએ તો સિંહ છે" એવી ભાવના જાગૃત થઈ છે. તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરમાં 'લાયન @૨૦૪૭: વિઝન ફોર અમૃતકાળ' શીર્ષક સાથે પ્રોજેક્ટ લાયન દસ્તાવેજ પણ જાહેર કરવામાં આવ્યો છે. વધતી જતી સિંહ વસતિના સુચારુ સંચાલનમાં અને સિંહોના રહેઠાણોને સુરક્ષિત અને પુનઃસ્થાપિત કરવામાં, રોજગારી સર્જન અને સ્થાનિક સમુદાયોની ભાગીદારીમાં વધારો કરવામાં આ પ્રોજેક્ટ લાયન@૨૦૪૭ મહત્વની ભૂમિકા ભજવશે. સરકાર વાઈલ્ડ લાઈફ ટુરીઝમ ડેવલોપમેન્ટ સાથે આ વિસ્તારના હોલીસ્ટિક ડેવલોપમેન્ટ માટે કામ કરી રહી છે.

વન અને વન્યસૃષ્ટીના સંરક્ષણ તથા પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે રૂ.૧૮૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરી મુખ્યમંત્રી શ્રી ઉમેર્યુ હતું કે, બરડા અભયારણ્ય વિસ્તારમાં રૂ.૭૫ કરોડના ખર્ચે નવો સફારી પાર્ક અને પ્રવાસીઓની સુવિધાના કામો આવનારા દિવસોમાં હાથ ધરાશે. વન વિસ્તારમાં વન્ય પ્રાણીઓના રક્ષણ માટે પેટ્રોલિંગ તથા મોનિટરિંગ અને પ્રાણીઓના રેસક્યુ સહિતના કામો માટે ૨૪૭ જેટલા નવા વાહનો વન વિભાગમાં ઉમેરાઈ રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે,રાજ્યની ૨૪ જેટલી ઈકો ટુરીઝમ સાઈટ માટે હવે ઘરે બેઠા બૂકિંગ થઈ શકે તે માટેનું પોર્ટલ કાર્યરત થયું છે. પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવે તેના પરિણામે સ્થાનિક ગૃહ ઉદ્યોગ અને હસ્તકલા ઉત્પાદનોનું પણ વેચાણ વધશે.

વડાપ્રધાનશ્રીએ સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગને વધારીને 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન આપવાનું આહવાન કર્યું છે, તે જણાવી મુખ્યમંત્રીશ્રીએ સ્વદેશી વસ્તુઓની ખરીદી કરીને રૂરલ ઈકોનોમી વધુ મજબૂત કરવાની દિશામાં આગળ વધવાની વાત ઉપર પણ ભાર મૂક્યો હતો.

વિકસિત ભારત@૨૦૪૭નો ઉલ્લેખ કરી તેમણે ઉમેર્યું હતું કે,આઝાદીની શતાબ્દી સુધીના આ અમૃતકાળમાં વિકાસની સિંહ ગર્જનાથી વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક મહાસત્તા ઝડપથી બનશે

ભગવાન દ્વારકાધીશની પાવન ભૂમિ પર વિશ્વ સિંહ દિવસના અવસરે નવા રહેઠાણ અને વન - પર્યાવરણ વિભાગની નવીન પરિયોજનાઓના લોકાર્પણની શુભકામના પાઠવી કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેંદ્ર યાદવે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધનના દૃઢ સંકલ્પને રાજ્ય સરકારે સુપેરે પાર પાડ્યો છે. ગૌરવની વાત છે કે એશિયાઈ સિંહો માત્ર ગુજરાતના ગીર પ્રદેશમાં જોવા મળે છે. વડાપ્રધાનશ્રીના પ્રકૃતિ સંરક્ષણના પ્રેરણારૂપ માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ રાજ્ય સરકારના સંનિષ્ઠ પ્રયાસો ફળશ્રુતિ રૂપે સિંહો સંખ્યામાં ૧૭ ટકાનો વધારો થયો છે. સમગ્ર વિશ્વમાં જ્યારે જળવાયુ પરિવર્તનની સમસ્યાઓ ગંભીર રૂપે આકાર લઈ રહી છે ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વને રિન્યુએબલ એનર્જી તથા ક્લાઈમેટ ચેન્જ માટે એક્શન પ્લાન રજૂ કરી વિશ્વને નવી રાહ ચીંધી છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રકૃતિ અને મનુષ્ય એકબીજાના પૂરક છે. જેનું ઉત્તમ ઉદાહરણ ગીર પ્રદેશમાં વસવાટ કરતા માલધારીઓ અને સિંહો વચ્ચે અનોખો બંધન જોઈ શકાય છે. આજે સમગ્ર વિશ્વ માટે ઈકો સેન્ટ્રિઝમના ભારતના પ્રયાસો પ્રેરણારૂપ બન્યા છે. ગત વર્ષે સાસણ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યોજાયેલ નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડની મિટિંગમાં વડાપ્રધાનશ્રીએ ગુજરાત માટે સિંહોની વસ્તીમાં વધારો કરવા અને સિંહોના નવા રહેઠાણ એવા બરડા વન્યજીવ અભયારણ્યને વિકસાવવા માટે જે સંકલ્પ કર્યો હતો તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે સુપેરે પાર પાડ્યો છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, જળવાયુ પરિવર્તનના કારણે અતિવૃષ્ટિ, તોફાન જેવી સમસ્યાઓ આકાર લઈ રહી છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલાઈમેટ ચેન્જ માટે CDRI 'કોએલીશન ફોર ડિઝાસ્ટર રેઝીલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' તેમજ 'આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ' જેવા પ્રયાસો હાથ ધર્યા છે. ઉપરાંત વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સ' રચના કરી છે. સાત માંથી પાંચ પ્રકારના બિગ કેટ એનિમલ ભારતમાં વસવાટ કરે છે તેના સંરક્ષણ પ્રયાસો કરાયા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન્યજીવોના સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયન, પ્રોજેક્ટ ટાઈગર, પ્રોજેક્ટ ડોલ્ફિન, પ્રોજેક્ટ ચિતા જેવા અનેકવિધ પ્રોજેક્ટને આગળ ધપાવવાનું કાર્ય કર્યું છે. પ્રકૃતિના સંરક્ષણ માટે મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સંબંધો સ્થાપિત કરવા માટે પ્રયાસો કરવા પડશે.

તેમણે ઉમેર્યું હતું કે, બરડા વન્યજીવ અભયારણ્યમાં ઘણા દાયકાઓ બાદ સિંહોનો પુનઃ વસવાટ થતા બરડાની જૈવ વિવિધતામાં નવી ઊર્જાનો સંચાર થતા ઈકો ટુરીઝમમાં વધારો થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળવાયુ પરિવર્તન સામે રક્ષણ માટે 'મિશન લાઈફ' તથા 'એક પેડ માઁ કે નામ અભિયાન'ની શરૂઆત કરાવી છે. 'એક પેડ મા કે નામ અભિયાન' એ આપણી લાઈફ સ્ટાઈલ, પ્રકૃતિ સાથેનું જોડાણ અને સુરક્ષા માટેનો સૌથી મોટો સંકલ્પ છે. એટલે મારો સૌને અનુરોધ છે કે વિકસિત ભારતના સંકલ્પને સાકર કરતાં તથા સમૃદ્ધ ભારતના નિર્માણમાં વધુમાં વધુ વૃક્ષારોપણ કરીએ.

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યુ હતું કે, રાજ્યમાં ગીર સિવાય પ્રથમ વખત બરડા અભયારણ્ય ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી થઈ રહી છે. દેશનું ગૌરવ એવા એશિયાટિક સિંહો આપણા ગુજરાતમાં વસવાટ કરે છે તે વાતનું સૌને ગર્વ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને સિંહોનું સંરક્ષણના પ્રયાસોથી રાજ્યમાં સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં પ્રથમ વખત અદ્યતન ટેકનોલોજીની મદદથી સિંહોની ગણતરી કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ટીંબડી પાસે આવેલા બરડા વન્યજીવ અભયારણ્યમાં ૧૪૩ વર્ષ પછી સિંહોનો પુનઃ વસવાટ થઈ રહ્યો છે. બરડામાં ૪૦૦થી વધુ ઔષધીય વૃક્ષો, છઠ્ઠી સદીનો નવલખા મંદિર થી માંડીને વિવિધ ધાર્મિક સ્થાનો, કુદરતી ઝરણા આવેલા છે. પરિણામે સિંહોએ બરડા અભયારણ્યને પોતાના બીજા ઘર તરીકે સ્વીકાર્યું છે.

રૂ.૧૮૦.૧૨ કરોડના ખર્ચે મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામો તથા યોજનાઓની જાહેરાત કરી હતી. જેમાં બરડા અભયારણ્ય ખાતે મુખ્યમંત્રીશ્રીએ ૨૪૮ હેકટર વિસ્તારમાં નવીન સફારી પાર્ક અને ઈન્ટરપ્રિટેશન સેન્ટર તેમજ પ્રવાસી સુવિધાઓ અંગેની જાહેરાત કરી હતી. આ સુવિધાઓ રૂપિયા ૭૫ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત તૃણાહારી પ્રાણીઓના સંવર્ધન પ્રજનન કાર્યક્રમ માટે ૧૦.૯૬ કરોડના ખર્ચે બ્રીડિંગ સેન્ટરોનું નિર્માણ, વન વસાહતી ગામો અને ઈકો સેન્સેટિવ ઝોન વિસ્તારમાં ઈકો ડેવલપમેન્ટની કામગીરી માટે રૂ.૭.૫૭ કરોડના ખર્ચે ૧૩૭ કામો, જે.આઈ.સી.એ પ્રોજેક્ટ હેઠળ ૭૨૦ ગામડાઓમાં રૂ ૩૫.૬૨ કરોડના ખર્ચે સામૂહિક વિકાસ કામો અંગેની જાહેરાત, રૂ.૭ કરોડના ખર્ચે વન્યપ્રાણી માટે રેસ્ક્યુ સેન્ટર અને ક્વિક રિસ્પોન્સ સિસ્ટમ, રૂ.૨૧ કરોડના ખર્ચ બરડા વિસ્તારના માલધારીઓ માટે સ્વૈચ્છિક સ્થળાંતરની યોજના, ૯.૯૪ કરોડના ખર્ચે ફ્રન્ટ લાઈન સ્ટાફ માટે કુલ ૨૦ આવાસ અને ઓફિસ બિલ્ડીંગના કામો, રૂ.૫ કરોડના ખર્ચે ચાડવા રખાલમાં કેરાકલ (હેણોતરા) સંવર્ધન, રૂ. ૬૫ લાખના ખર્ચે સી.એસ.આ.૨ હેઠળ ગીર વિસ્તારના ટ્રેકર્સનો વીમા અને સ્વાસ્થ્ય કવચ, રૂ.૬.૯૮ કરોડના ખર્ચે પેટ્રોલિંગ અને મોનિટરિંગ માટે ૩ રેસ્કયુ વ્હિકલ ૨૦૦ બાઈક અને ૪૪ યુટિલિટી વ્હિકલ અર્પણ કરવામાં આવ્યા હતા તથા ૨૪ ઈકો ટુરિઝમ સાઈટના બુકિંગ પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો.

વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ શ્રી સંજીવ કુમારે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલ ગુજરાતના ગૌરવ એવા એશિયાટિક લાયનના સંવર્ધનનું કાર્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગળ વધારવામાં આવી રહ્યું છે, જેમાં મંત્રીશ્રી ભૂપેંદ્ર યાદવના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયનો સહયોગ સાંપડ્યો છે. સિંહોનું બીજું ઘર અને પ્રાકૃતિક સૌંદર્ય, ઐતિહાસિક મહત્વ અને ભવ્ય સાંસ્કૃતિક ધરોહર ધરાવતો બરડો ડુંગર પ્રવાસીઓ માટે આકર્ષક સ્થળ બન્યું છે.

વિશ્વ સિંહ દિવસની ઉજવણી નિમિતે સાંસદ શ્રી પૂનમબેન માડમ, સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણી, ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તેમજ શ્રી હેમંતભાઈ ખવા, પોરબંદર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરબતભાઈ પરમાર, ડી.જી. ફોરેસ્ટ શ્રી સુશીલ અવસ્થી, દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર શ્રી રાજેશ તન્ના, પોરબંદર જિલ્લા કલેકટર શ્રી એસ.ડી.ધાનાણી, દેવભૂમિ દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.બી.પાંડોર, અગ્રણી શ્રી ચેતનાબેન તિવારી તેમજ શ્રી મયુરભાઈ ગઢવી, ઉપરાંત વન વિભાગના અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

### દિવ્યાંગજનોને મુખ્યધારામાં લાવવા એ આપણા સૌનું સામાજિક દાયિત્વ

# દિવ્યાંગજનો એ આપણા સમાજનું અભિન્ન અંગ છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

આજરોજ ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને કચ્છના ભચાઉ ખાતે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના પરોપકારના કાર્યોને સમાજ માટે ઉદાહરણરૂપ ગણાવીને જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં દિવ્યાંગ બાળકોની સારસંભાળ માતા-પિતા માટે પડકારરૂપ બાબત બની ગઈ છે. દિવ્યાંગજનો સમાજનું અભિન્ન અંગ હોય સંસ્થા દ્વારા વિતરણ કરવામાં આવેલી આધુનિક સાધન સામગ્રી તેમને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે. સમાજના દુઃખીજનો પ્રત્યે સેવાભાવના કેળવવા અનુરોધ કરીને રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, જે મનુષ્યમાં જરૂરિયાતમંદ માટે દયાભાવ પ્રગટ ના થાય તે મનુષ્ય પથ્થર સમાન છે. મનુષ્ય અવતારમાં પરોપકાર અને સતકાર્યો કરીને શ્રેષ્ઠ સમાજનું નિર્માણ કરવા રાજ્યપાલશ્રીએ આહવાન કરી ધરતી પર તમામ જીવો માટે કલ્યાણની ભાવના રાખવા જણાવ્યું હતું.

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને કચ્છના ભચાઉ ખાતે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો





પ્રાચીન ભારતની વસુધૈવ કુટુમ્બકમની ભાવનાનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, સમય અને પરિસ્થિતિના કારણે દિવ્યાંગ બનેલા માનવીઓનું કલ્યાણ કરવું એ આપણું કર્તવ્ય છે. અંગો વગરનું જીવન ખૂબ મુશ્કેલ બની જાય છે. સ્વસ્થ શરીર ધરાવતા નાગરિકોએ હંમેશા ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞ રહેવું જોઈએ. શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવા કાર્યોને રાજ્યપાલશ્રીએ અંતરમનથી બિરદાવ્યા હતા. તેઓએ જણાવ્યું કે, દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવાના આ પ્રયાસોથી તેમનામાં એક નવો ઉત્સાહ પેદા થશે, તેઓ માનસિક રીતે મજબૂત બનશે અને બીજા નાગરિકોની જેમ જ સક્ષમ થશે. દિવ્યાંગજનોને મુખ્યધારામાં લાવવા એ આપણા સૌનું સામાજિક દાયિત્વ છે તેમ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું.

પ્રાકૃતિક કૃષિ અભિયાન વિશે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે પ્રાકૃતિક કૃષિ એ રાષ્ટ્રીય મિશન બની ગયું છે. વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે રૂ. ૨૫૮૧ કરોડની જોગવાઈ કરી છે. આજના સમયમાં ખેતીમાં ઉપયોગમાં લેવાતાં ઝેરી રસાયણોથી મનુષ્યોમાં જીવલેણ રોગોનું પ્રમાણ વધ્યું છે. યુરીયા-ડી.એ.પીનો ખેતીમાં ઉપયોગથી કેન્સર, હાર્ટ એટેક, ડાયાબિટીસ જેવી બીમારીઓ યુવાનોમાં પ્રવેશી રહી છે. રાજ્યપાલશ્રીએ સમગ્ર માનવતજાતના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે ગુજરાત સરકારના પ્રયાસોની પ્રસંશા કરીને રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આજે ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે. પ્રાકૃતિક ખેતી આર્થિક રીતે ફાયદાકારક છે તેમ જણાવીને રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીને અપનાવવાથી ઉત્પાદન ઘટે છે તે વાતને ખોટી હોવાનું જણાવ્યું હતું. શરૂઆતમાં નાના પાયેથી શરૂ કરીને સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળવા રાજ્યપાલશ્રીએ અનુરોધ કર્યો હતો. પ્રાકૃતિક ખેતીની તાલીમમાં સહભાગી થવા, પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લેવા રાજ્યપાલશ્રીએ અપીલ કરી હતી.

રાજ્યપાલશ્રીએ દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનવાના સંકલ્પ સાથે આગળ વધવાનું જણાવીને ઈલેક્ટ્રીક અને મેન્યુઅલ ટ્રાઈ-સાયકલ, વ્હીલચેર, કૅલિપર, સ્માર્ટફોન સહિતના જીવન જરૂરિયાતના સાધનોનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મનોદિવ્યાંગ બાળકોએ રજૂ કરેલી સ્વાગત ગીતની પ્રસ્તુતિને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સહિત દર્શકોએ મનમૂકીને બિરદાવી હતી. શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના સંસ્થાપકશ્રી વિશાલભાઈ જોશીએ પ્રાસંગિક પ્રવચન દરમિયાન સંસ્થાના કાર્યો વિશે જાણકારી આપી હતી. તેઓએ ઉમેર્યું હતું કે, ૩૨ વર્ષ પહેલાં સ્થાપિત આ સંસ્થાનું બીજ આજે કચ્છ અને સૌરાષ્ટ્રના દિવ્યાંગજનના કલ્યાણ માટેનું વટવૃક્ષ બન્યું છે. દિવ્યાંગજનોના સક્ષમ બનાવવા માટે સંસ્થા અવિરત સેવાકાર્યો કરતી રહેશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. ભચાઉ ખાતે રાજ્યપાલશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૦૦ કરતાં વધુ દિવ્યાંગજનોને ઈલેક્ટ્રીક ટ્રાઈ-સાયકલ, મેન્યુઅલ ટ્રાઈ-સાયકલ, વ્હીલચેર, કૅલિપર, સ્માર્ટફોન સહિતના જીવન જરૂરિયાતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિતરણ કરવામાં આવેલી ટ્રાઈ-સાયકલ અંદાજે ૪૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે, જે દિવ્યાંગજનોને 'આજીવિકા અને આત્મનિર્ભરતા' માટે સહાયક સાબિત થશે. શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રયની વર્ષ ૧૯૯૧થી કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર જિલ્લામાં દિવ્યાંગજનો, વંચિત બાળકો અને મહિલાઓ માટે શિક્ષણ, પુનર્વસન, આરોગ્ય, કૌશલ્ય વિકાસ, લગ્ન, રોજગાર અને સશક્તિકરણના ક્ષેત્રે સંસ્થા અવિરત સેવા આપી રહી છે. આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહજી જાડેજા, રાપર ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, ગાંધીધામ ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઈ જૈન, સામાજિક કાર્યકર્તા શ્રી રૂદ્રરાજસિંહ મહારાજ, પ્રાકૃતિક કૃષિના પ્રગતિશીલ ખેડૂતશ્રી રતિલાલ શેઠિયા, કચ્છ કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર, નાયબ કલેકટરશ્રી બી.એચ.ઝાલા, દાતાશ્રીઓ, દિવ્યાંગજનો સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ પરિવહનમાં નવો રેકોર્ડ બનાવ્યો

# સણોસરા ગુડ્સ શેડથી દહેજ નામાટે ઔદ્યોગિક મીઠાના પહેલા રેકને લોડ કરીને રવાના કરવામાં આવ્યો

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ આ ઝોનનો મુખ્ય માલવાહક મંડળ છે, જે પશ્ચિમ રેલવે દ્વારા સંચાલિત કુલ માલવાહક પરિવહનમાં લગભગ ૪૦% યોગદાન આપે છે. આ મંડળમાં મુન્દ્રા, ટુના ટેકરા અને કંડલા જેવા ત્રણ મોટા બંદરો છે જે ગાંધીધામ ક્ષેત્રમાં સ્થિત છે જે મંડળના કુલ માલ યાતાયાતનું ૮૦% થી વધુ યોગદાન આપે છે. મંડળથી વિવિધ પ્રકારના માલ મોકલવામાં આવે છે, કન્ટેનરમાં ભરેલો માલ, પેટ્રોલિયમ ઉત્પાદનો (POL), ખાતરો, આયાતી કોલસો, મીઠું, ગાડીઓ, ખાદ્ય તેલ અને બેંટોનાઈટ વગેરે શામિલ છે.

મંડળના માલ પરિવહન કાર્યોને મજબૂત બનાવવા માટે તેમાં કુલ ૭૬ માલવાહક કેન્દ્રો છે, જેમાં ૦૭ ગતિ શક્તિ મલ્ટી-મોડલ કાર્ગો ટર્મિનલ, ૦૬ ખાનગી માલ ટર્મિનલ, ૧૬ ખાનગી સાઈડિંગ્સ, ૩૭ ગુડ્સ શેડ અને ૦૮ પોર્ટ ટર્મિનલનો સમાવેશ થાય છે. ગયા નાણાકીય વર્ષમાં આ સુવિધાઓમાંથી લગભગ ૪૬.૭૭ મિલિયન ટન માલ લોડ કરવામાં આવ્યો હતો. આ કુલ લોડિંગમાંથી, મુન્દ્રા પોર્ટે નું યોગદાન ૨૧.૩૩ મિલિયન ટન, કંડલા પોર્ટે નું ૬.૧૦ મિલિયન ટન અને ટુના ટેકરા પોર્ટે નું ૧.૨૭ મિલિયન ટનનું યોગદાન રહ્યું છે, જે મળીને મંડળની કુલ લોડિંગના લગભગ ૬૧.૩૬% બને છે.

અમદાવાદ મંડળે માલ પરિવહનના ક્ષેત્રમાં વધુ એક સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. ૯ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ, ગાંધીધામ ક્ષેત્રના સણોસરા ગુડ્સ શેડથી (BDRCL) દહેજ માટે ઔદ્યોગિક મીઠાનો પહેલો રેક સફળતાપૂર્વક લોડ કરવામાં આવ્યો. આ રેકમાં ૫૮ BOXNHL વેગન હતા, જેમાં કુલ ૩૮૫૧.૨ ટન ઔદ્યોગિક મીઠું લોડ કરવામાં આવ્યું હતું. આ માલ ચૌગુલે સોલ્ટ વર્ક્સ (પ્રા.) લિમિટેડનો હતો, જેને વડોદરા મંડળના (BDRCL) દહેજ માટે મોકલવામાં આવ્યો હતો. આ રેકે ૬૭૩.૫૭ કિમીનું અંતર કાપ્યું, જેનાથી રેલવેને ૩૧.૬૯ લાખનું માલભાડું પ્રાપ્ત થયું છે .

આ ઉપલબ્ધી ભારતીય રેલવે ની તાજેતરમાં અપનાવવામાં આવેલી સક્રિય માર્કેટિંગ નીતિનું પરિણામ છે. આ નીતિ હેઠળ, ગ્રાહકો સાથે સીધો સંપર્ક કરીને તેમની જરૂરિયાતો સમજી હતી અને તેમને અનુકૂળ ઉકેલો પૂરા પાડવામાં આવ્યા હતા. આ વ્યૂહરચનાથી નમાત્ર રેલવેની આવકમાં વધારો થયો છે, પરંતુ ઉદ્યોગોને પણ સુલભ અને વિશ્વસનીય પરિવહન સેવા ઉપલબ્ધ થઈ છે.

આ નવીન પ્રયાસથી ઔદ્યોગિક મીઠાના લાંબા અંતરના રેલ પરિવહનનો માર્ગ મોકળો થયો છે. આનાથી નમાત્ર રેલવે ને નવો

### આ પહેલા રેકમાં ૫૮ વેગનોમાં ૩૮૫૧.૨ ટન ઔદ્યોગિક મીઠું લોડ કરવામાં આવ્યું જેનાથી રેલવેને ૩૧.૬૯ લાખ ની આવક પ્રાપ્ત થઈ





વ્યવસાય મળ્યો છે, પરંતુ ગ્રાહક વિશ્વાસમાં પણ વૃદ્ધિ જોવા મળી છે, જે રેલવે ની તત્પરતા અને નરમાઈ દર્શાવે છે. આ પહેલ સણોસરા અને ગાંધીધામ ક્ષેત્રમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન આપશે, જેનાથી ક્ષેત્રીય ઔદ્યોગિક વિકાસને ગતિ મળશે . આ સાથે રેલવેની આવકમાં પણ વધારો થયો છે, જે તેની આર્થિક મજબૂતાઈમાં મદદરૂપ સાબિત થઈ રહી છે. આ ઉપરાંત, જથ્થાબંધ સામગ્રીના પરિવહનમાં રોડની અપેક્ષા રેલ ને પ્રાથમિક્તા આપવાથી આ એક પર્યાવરણને અનુકૂળ વિકલ્પ નારૂપમાં ઉભરી સામે આવ્યું છે. અમદાવાદ મંડળમાં આગામી ૨-૩ વર્ષમાં ૬ બીજા GCT (ગુડ્સ કાર્ગો ટર્મિનલ) બનાવવામાં આવશે, જેથી આ ક્ષેત્રમાં રેલવેનો પરિવહનમાં હિસ્સો વધારે વધશે. નલિયા અને વાયોર વચ્ચેની નવી રેલવે લાઈન અલ્ટ્રાટેક સિમેન્ટ (સેવાગ્રામ) અને અદાણી સિમેન્ટ લિમિટેડ (સાંગહીપુરમ) ના પ્લાન્ટ્સને સીધી કનેક્ટિવિટી મળશે. આ બે સિમેન્ટ પ્લાન્ટની વર્તમાન ઉત્પાદન ક્ષમતા ૧.૨ કરોડ ટન પ્રતિ વર્ષ છે, જે આગામી ૨-૩ વર્ષમાં વધીને ૧.૮ કરોડ ટન થવાની સંભાવના છે.

### ૯ હજારથી વધુ જગ્યાઓ ભરવામાં આવશે

# ધોરણ ૧૦-૧૨ પાસ માટે સુવર્ણ તક, પરીક્ષા વગર થશે સીધી પસંદગી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં આંગણવાડી કાર્યકર, મીની આંગણવાડી કાર્યકર, આંગણવાડી સહાયકની જગ્યાઓ માટે બમ્પર ભરતી થઈ રહી છે. આ જગ્યાઓ માટે અરજી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ ભરતી માટે અરજી કરવા માંગતા લાયક ઉમેદવારો સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને અરજી કરી શકે છે. આ ભરતી માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦ ઓગસ્ટ છે, રસ ધરાવતા ઉમેદવારોએ આ તારીખે અથવા તે પહેલાં અરજી કરવી પડશે. આ ભરતી ઝુંબેશ દ્વારા ૯ હજારથી વધુ જગ્યાઓ ભરવામાં આવશે.

અરજી કરવાની પાત્રતા

આંગણવાડી કાર્યકર અને મીની કાર્યકર માટે લઘુત્તમ લાયકાત ૧૨ પાસ રાખવામાં આવી છે, જ્યારે આંગણવાડી સહાયક માટે ૧૦મું પાસ હોવું જરૂરી છે. આંગણવાડી કાર્યકર અને મીની કાર્યકર માટે વય મર્યાદા ૧૮ થી ૩૩ વર્ષ નક્કી કરવામાં આવી છે. તો આંગણવાડી સહાયિકા પદ માટે મહત્તમ વય મર્યાદા ૪૩ વર્ષ છે. ઉમેદવારો સંબંધિત વિષય પર વધુ માહિતી માટે સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# સરકારી નોકરી કરતા માતા પિતાના મૃત્યુ બાદ ૨૫ વરસથી નાના સંતાનને પેન્શન ચુકવવુ પડશે : હાઈકોર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના કર્મચારીના ૨૦૧૩ માં નિવૃત્ત થયા બાદ અને ૨૦૧૬ માં તેમના અવસાન બાદ ફેમીલી પેન્શન તેમની પત્નની મળતુ હતુ જો કે ૨૦૧૮ માં પત્નીનુ પણ અવસાન થતા, તેમના ૬ સંતાનોમાંથી સૌથી નાની અને અપરિણીત દિકરી, જેની ઉંમર ૨૫ વરસ કરતા ઓછી હતી તેણે ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીના સમયગાળા માટે ફેમીલી પેન્શનની માંગણી કરી હતી.

ગુજરાત હાઈકોર્ટે આ મામલામાં દિકરીની તરફેણમાં ચુકાદો આપ્યો છે અને સરકારને બે વરસનુ પેન્શન વ્યાજ સહિત ચુકવી દેવાનો આદેશ કર્યો છે. કોર્ટમાં સરકારે એવી દલીલ કરી હતી કે દિકરીનુ નામ પિતાના રેશનકાર્ડમાં નથી, તેથી તેને પેન્શન મળી શકે નહી, આ દલીલને ફગાવી દેતા જસ્ટીસ સંદિપ ભટ્ટે પોતાના ચુકાદામાં જણાવ્યુ કે ગુજરાત સીવીલ સર્વિસ પેન્શન રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૯૧ (૩) મુજબ, નોમીનીમાં નામ ન હોય તો પણ ૨૫ વરસથી ઓછી ઉંમરની અપરિણીત દિકરી ફેમીલી પેન્શન માટે હક્કદાર છે. આ કાયદો સ્પષ્ટપણે દર્શાવે છે કે આવા સંજોગોમાં પેન્શન ચુકવવુ ફરજીયાત છે. કોર્ટે અવલોકન કર્યુ કે સરકારના નિયમ મુજબ જયારે કર્મચારીનુ મૃત્યુ થાય ત્યારે તેમના ૨૫ વરસથી ઓછી ઉંમરના સંતાનને ફેમીલી પેન્શન મળવુ જ જોઈએ, કોર્ટે સરકારના તે આદેશને રદ કર્યો જેણે દિકરીને પેન્શન આપવાનો ઈન્કાર કર્યો હતો.



આ ચુકાદાથી એ સુનિશ્ચિત થાય છે કે આવા કિસ્સાઓમાં, સરકારી નિયમોનુ પાલન થવુ જોઈએ અને યોગ્ય લાભાર્થીને તેનો હક્ક મળવો જોઈએ, આ ચુકાદાથી એ સ્પષ્ટ થાય છે કે મૃતક સરકારી અધિકારીના એક કરતા વધુ સંતાનો હોય તો, જો સૌથી મોટા સંતાનની ઉંમર ૨૫ વરસ કરતા વધુ હોય, તો તેના કરતા નાની ઉંમરના સંતાનને પેન્શન મળવાની તક મળે છે. જો તેની ઉંમર ૨૫ વરસ કરતા ઓછી હોય, આમ કોર્ટે દિકરીને ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીના સમયગાળાનુ પેન્શન વ્યાજ સાથે ચુકવી દેવા સરકારને આદેશ કરીને યોગ્ય ન્યાય આપ્યો છે.

# હિંમતનગરમાં નર્સિંગની વિદ્યાર્થીનીએ ૪ વિદ્યાર્થીઓના ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી: બે યુવકો વિરૂધ્ધ દુષ્પ્રેરણાનો ગુન્હો નોધાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લામાં હવે લુખ્ખા લોકો નો ત્રાસ વધી ગયો છે. તેમજ યુવતિઓ સલામત નથી તેવુ પણ ચિત્ર ઉપસી રહ્યુ છે, થોડા સમય અગાઉ જ જિલ્લાના ઈડરમાં ધો. ૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને બે નરાધમ શખ્સોએ દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારે હવે વાલીઓ પણ ચિંતા કરી રહ્યા છે કે મારી દિકરી શાળા કોલેજમાં સલામત રહેશે કે નહી, તેને લઈ વાલીઓમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરની બીએસસી નર્સિંગ માં અભ્યાસ કરતી ૨૧ વર્ષીય વિદ્યાર્થીનીએ કોલેજના બે વિદ્યાર્થીઓની પજવણીથી કંટાળીને એસિડ પી ને આપઘાત કરી લીધો છે. ઈડર તાલુકાના ઓડા ગામની આ યુવતિએ જીવન ટુંકાવતા પહેલા તેના પરીવારજનોને બે યુવકોના ત્રાસ વિશે જણાવ્યુ હતું. પરીવારજનો અને કોલેજ તંત્રે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં યુવતિ એટલી હતાશ થઈ ગઈ હતી કે તેણે રાત્રે આ અંતિમ પગલુ ભર્યુ, પોલીસે મૃતક યુવતિના નિવેદનના આધારે બે યુવકો વિરૂધ્ધ ગુન્હો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગઈ તા. ૬ ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યાની આસપાસ યુવતિ હેતલબેન રડી રહી હતી તેના પરીવારે કારણ પુછતા તે કશુ બોલી શકી ન હતી, બાદમાં તેણે તેની માતા અને પરીવારના અન્ય સભ્યોને જણાવ્યુ હતુ કે કોલેજ બસમાં આવતા જતા બે વિદ્યાર્થીઓ તેને હેરાન કરે છે, યુવતિના મોટા ભાઈ હર્ષદ સુતરીયાએ પુછપરછ કરતા હેતલે હિંમાશુ પરમાર (રહે વડાલી) અને હર્ષ વણકર ના નામ આપ્યા હતા, તેણે જણાવ્યુ હતુ કે આ બંને યુવકો અશ્વલીલ વાણીનો ઉપયોગ કરતા હતા, વિડીયો બનાવીને વાયરલ કરવાની ધમકી આપતા હતા, અને બસમાં બેસવાની જગ્યા બદલે નજીકમાં બેસી તેની પજવણી કરતા હતા,



આ ઘટનાની જાણ તથા પરીવારે તુરંત કોલેજ તંત્રનો સંપર્ક કરીને આ મામલે રજુઆત કરી હતી, કોલેજ તરફથી યોગ્ય નિરાકરણ ની ખાત્રી આપવામાં આવી હતી પરંતુ યુવતિ માનસિક રીતે એટલી ભાંગી પડી હતી કે રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ તેણે બાથરૂમમાં જઈને એસિડ પી લીધુ, તેના નાના ભાઈએ બાથરૂમમાંથી ધુમાડો અને બંધ દરવાજો જોઈને પરીવારને જાણ કરી હતી. દરવાજો તોડીને જોતા યુવતિ બેભાન હાલતમાં મળી આવી હતી. તેને તાત્કાલીક હિંમતનગરની હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન ૭ ઓગસ્ટના રોજ વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ તેનુ અવસાન થયુ હતું. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને રોષની લાગણી ફેલાવી છે.

# ભાજપના ભાષણોથી કંટાળેલા ૩૫થી વધુ ધારાસભ્યો કમલમ બેઠકમાં રહ્યા ગેરહાજર:ભાષણો સાંભળવામાં રસ નથી અમોને તો માત્ર પ્રજાના કામોમાં રસ છે

## ધારાસભ્યોને ગેરહાજર રહેવા અંગે મૌખિક ખુલાસા પુછવાની પણ તજવીજ : ધારાસભ્યો ગેરહાજર રહેતા ભાજપના વળતા પાણી ?

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે તિરંગા યાત્રા સંદર્ભે એક બેઠક યોજાઈ હતી. જેમાં ૩૫ થી વધુ ધારાસભ્યો નારાજ હોવાને લઈ ગેરહાજર રહ્યા હોવાનુ ચર્ચાયુ હતું. પ્રજાના કામો થતા નથી ભાષણોથી કંટાળેલા ધારાસભ્યો હવે સંગઠનના કાર્યક્રમોમાં પણ જવાનુ ટાળી રહ્યા છે. એક તરફ પ્રદેશ પ્રમુખની નિમણુંક થતી નથી તો બીજી તરફ મંત્રી મંડળ વિસ્તરણના ઠેકાણા નથી પ્રજાના કામો થતા નથી, ધારાસભ્યોને હવે કયા મોઢે વિસ્તારમાં જવુ તે પણ હવે મુશ્કેલીરૂપ બની જવા પામ્યુ છે.

હાર્દિક પટેલ, કિશોર કાનાણી જેવા કેટલાક ધારાસભ્યો સરકારી તંત્ર થી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જેને લઈ હવે પાર્ટીના કાર્યક્રમોમાં પણ આવવાનું ટાળી રહ્યા છે. જેની ગંભીર નોધ લેવામાં આવી છે, આગામી દિવસોમાં ગેરહાજર ધારાસભ્યોનો મૌખિકમાં ખુલાસો પુછાય તેવી પણ શકયતા જણાઈ રહી છે. કમલમ ખાતે હર ઘર તિરંગા યાત્રા સંદર્ભે કાર્યાશાળા યોજાઈ હતી જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કાર્યશાળામાં સંબોધતા જણાવ્યુ હતુ કે હર ઘર તિરંગા અભિયાન ઘર ઘર સુધી પહોચે તે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ ઉત્સાહભેર કાર્ય કર્યુ છે. આજે હર ઘર તિરંગાની કાર્યશાળામાં અભિયાનના રાષ્ટ્રીય સહસંયોજક વી ડી શર્મા ની વિશેષ ઉપસ્થિત રહી હતી. આપણા સૌનો તેઓએ ઉત્સાહ વધાર્યો છે અને ખુબ સારૂ માર્ગદર્શન પણ આપ્યુ છે. હર ઘર તિરંગા અભિયાન વધુમાં વધુ યુવાનો સુધી પહોચે તે માટે યુવા મોરચા દ્વારા પણ ખાસ આયોજન કરાયુ છે. આ અભિયાન થકી ઘરે ઘરે આપણો રાષ્ટ્રધ્વજ ફરકે તેમજ યુવાનોમાં દેશ પ્રેમ જાગે, આપણા દેશને આઝાદી મેળવવા જે જે વીર જવાનોએ બલીદાન આપ્યુ છે તેમને યાદ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરીએ, દેશના દરેક રાજયોમાં ભારતીય જનતા પાર્ટીનુ શાસન આવે ત્યાં સુધી પાર્ટીના દરેક કાર્યકર્તાએ સતત કાર્યરત રહેવુ જોઈએ. આપણે સૌ ૨૦૪૭ માં આદરણીય વડાપ્રધાન મોદી સાહેબના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સતત પ્રયત્નશીલ રહીએ તે માટે પણ વિનંતી કરી હતી.



સાંસદ વી ડી શર્માએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન પર ભારતીય જનતા પાર્ટી દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન ચલાવી રહ્યુ છે. આ અભિયાન થકી દેશભકિત વધે તે માટે પ્રયાસ કરવાનો છે. અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા, દેશના ગૃહમંત્રી અમિત શાહ સહિતના નેતૃત્વ સાથે મળી આ અભિયાનને સફળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. વધુમાં તેમણે કહ્યુ કે રાજયના દરેક જિલ્લામાં ૫૮૦ મંડળ અને ૫૧ હજાર બુથ સુધી તિરંગા અભિયાનની તૈયારી કરવામાં આવશે. દરેક મંડળમાં તિરંગા યાત્રાનુ આયોજન કરવામાં આવશે તેમજ જિલ્લામાં મોટી યાત્રાનુ આયોજન કરવામાં આવશે. તિરંગા યાત્રામાં રાજકીય વ્યકિતઓ જ નહી પરંતુ દરેક વર્ગના લોકો ભાગ લે તે માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ યાત્રામાં ઓપરેશન સિંદુર, એરસ્ટ્રાઈક, સર્જિકલ સ્ટ્રાઈક થકી ભારતે આતંકવાદ સામે જે કાર્યવાહી કરી છે તેની માહિતી પણ ઘર ઘર સુધી પહોચે તવો પ્રયાસ કરવામાં આવશે. દેશની આઝાદી અપાવવા જે વીર જવાનોએ બલીદાન આપ્યુ છે તેમના સ્મારક પર સ્વચ્છતા અભિયાન, ફુલહાર કાર્યક્રમ યોજાશે, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, ગામડે ગામડે બુથ સુધી તિરંગો પહોચે તે માટે પ્રયાસ કરશે. કાર્યકર્તાઓ દ્વારા દેશની સીમાઓ પર ખડે પગે દેશની રક્ષા કરતા સેનાના જવાનોને સન્માનિત કરાશે. શર્માએ વધુમાં જણાવ્યુ હતુ કે ૧૪ ઓગસ્ટે વિભાજન વિભીષીકા દિવસની માહિતી દેશના યુવાનો જાણે તે માટે પ્રદર્શની સ્વરૂપે માહિતી મેળવે તેવો પ્રયાસ કરવામાં આવશે. ભારતીય જનતા યુવા મોરચા, મહિલા મોરચા દ્વારા આ અભિયાન વધુમાં વધુ લોકો સુધી પહોચે તે માટે પ્રયાસ કરશે.

તિરંગો ફરકાવ્યા બાદ લોકો ઘરમાં તિરંગાને સન્માનિત સાથે મુકે તે માટે પણ કાર્યકર્તાઓ પ્રયાસ કરશે. દેશના દરેક રાજયમાં હર ઘર તિરંગા અભિયાનને સફળ થાય તે પ્રયાસ કરશે. પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરે જણાવ્યુ હતુ કે હર ઘર તિરંગા અભિયાન ગુજરાતમાં દરેક જિલ્લા અને બુથ સુધી સફળતા પૂર્વક યોજાય તે માટે આયોજન કરવામાં આવ્યુ છે. રક્ષાબંધન તહેવારમાં પણ સ્વચ્છતા અને પ્રકૃતિ જતન થાય તે માટે કાર્યકર્તાઓ એ વિશેષ પ્રયાસ કરવો જોઈએ.

# માલધારી દિવ્યાંગ સંગઠન ગૃપ દ્વારા દ્વિતિય વર્ષે નિ:શુલ્ક એક દિવસીય યાત્રાનુ સફળ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

માલધારી દિવ્યાંગ સંગઠન ગૃપ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ દિવ્યાંગ મિત્રો માટે નિ:શુલ્ક એક દિવસીય યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ યાત્રામાં અમદાવાદ સહિત દુર દુરના લોકો મોટી સંખ્યામાં દિવ્યાંગ મિત્રો જોડાયા હતા. આ શ્રધ્ધા યાત્રાની શરૂઆત રવિવારે સવારે ૭ વાગે અમદાવાદથી થઈ હતી, યાત્રામાં સૌ પ્રથમ શામળાજી નજીક આવેલા લાખીયા ધરા ખાતે આવેલા શ્રી લાખણેચી માતાજીના મંદિરે દર્શન કરવામાં આવ્યા હતા અને ત્યાં બપોરના સમયે મંડપમાં જમણવારનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યાંથી યાત્રાનુ બીજુ મુકાન શ્રી લીંબોજ માતાજીનુ મંદિર રાયસણ ખાતે વિસામો હતો, ત્યાં મંદિરના ટ્રસ્ટી સહદેવભાઈ દ્વારા દિવ્યાંગ ભાઈઓ અને બહેનુનો સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતું અને દિવ્યાંગ ભાઈ બહેનો માટે ચા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાત્રીના સમયે ભોજનમાં ખાસ રજવાડી ખાટલામાં તથા આધુનિક ડાયનીંગ ટેબલ પર મિષ્ટાન સાથે વ્યવસ્થિત જમણવારનો દિવ્યાંગ ભાઈ બહેનોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે યાત્રાના મુખ્ય દાતા દેસાઈ નાગજીભાઈ લલ્લુભાઈ (સોઢવ) ને ઢોલ નગારા સાથે પાઘડી પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત મંદિરના ટ્રસ્ટી શ્રી સાગરભાઈ (રૂપાલ) દ્વારા મંદિરના પટાંગણમાં દિવ્યાંગોની વિશેષ જરૂરીયાતોને અનુરૂપ અત્યાધુનિક વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી. તેમણે તમામ દિવ્યાંગોને ઉપહારો તથા પહેરામણી આપીને અભિનંદન પાઠવ્યા હતા. આ યાત્રાને સફળ બનાવવા માટે રાજુભાઈ દેસાઈ(અજીમણા), લાલુભાઈ દેસાઈ (વેલોડા) કાંતિભાઈ ભુવાજી (ખારી ધારીયાલ) , ઈશ્વરભાઈ (ઈડર), રીતુબેન દેસાઈ (કામલી), ભગવતીબેન દેસાઈ (જોરણંગ) , રમેશભાઈ (વડુ) તથા જયરામભાઈ દેસાઈ (જોટાણા)એ ભારે મહેનત સાથે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.







# મોડાસાના માજુમ નદીના પુલ પરથી કાર પુલમાં ખાબકતા મામલે ગોજારા અકસ્માતમાં ૪ શિક્ષકોના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મોડાસાના માજુમ નદીના પુલ પરથી કાર પુલમાં ખાબકતા મામલે ગોજારા અકસ્માતમાં ૪ શિક્ષકોના મોત થયા હોવાના સમાચારો પ્રાપ્ત થયા હતા. મળતી માહિતી અનુસાર ઈજાગ્રસ્ત શિક્ષકનુ સારવાર દરમિયાન મોત નિપજયુ હતું.

પ્રાથમિક માહિતી મુજબ મૃતકો મોડાસા ખાનગી બી કનાઈ સ્કુલમાં તેમજ મોસન ટયુશન કલાસિસના શિક્ષકો હોવાની માહિતી બહાર આવી છે. જેમાં બે શિક્ષકો રાજસ્થાન અને બે ગુજરાતના હોવાનુ બહાર આવ્યુ છે. મૃતકોમાં (૧) વિશાલ રાજ (૨) આબીદ મોરડીયા (૩) કપીલ ઉપાધ્યાય (૪) દીપક મેવાડા ના નામ આવ્યા છે. ચારેય શિક્ષકો મોડાસામાં રહેતા હતા.



મોડાસા ખાતે આવેલ બાયપાસ રોડ પર ન્યુ તુલીપ સ્કુલ પાસે આવેલ માજુમ બ્રિજ પાસે અકસ્માત સર્જાયો હતો જેમાં મળતી માહિતી પ્રમાણે આ અકસ્માત રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ ના સમયમાં સર્જાયો હોવાની માહીતી મળી હતી જેમાં અકસ્માતમાં કાર ૪૦ ફુટ ઉંડી નદીમાં પડતા ૩ યુવક શિક્ષકોના ઘટના સ્થળે જ મોત નિપજયા હતા જયારે એક યુવક શિક્ષકનો આબાદ બચાવ થયો હતો. આ સમગ્ર ઘટના બાયપાસ રોડ પર આવેલા માજુમ નદીના બ્રિજ પરની છે.

ઘટનાને લઈ રાત્રે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને સ્થાનિક લોકોએ બચાવ કાર્ય હાથ ધર્યુ હતું. આ ઘટનાની નગરપાલિકા સહિત સરકારી તંત્ર ને જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોચી હતી અને કામગીરી હાથ ધરી હતી. આ કાર અમદાવાદ વિસ્તારની હોવાનુ પ્રાપ્ત થયુ હતું.

સમગ્ર ઘટનાને લઈ રાત્રે માજુમ બ્રિજ ઉપર ટ્રાફીક જામ થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યો હતો જો કે આજે રવિવારે સવારે સારવાર દરમિયાન એક યુવક શિક્ષકનુ મોત નિપજતા આમ ગોજારા અકસ્માતમાં ચારેય ચાર શિક્ષકોના મોત નિપજયા હતા.

# ગોંડલ શહેર વિશ્વ હિન્દુ પરીષદ પ્રમુખ પીયુષ રાદડીયાનુ રાજીનામુ : પોતાના નામની દરખાસ્ત કરનારાઓને જયરાજસિંહ દ્વારા પરેશાન કરાતા હોવાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગોંડલ શહેર વિશ્વ હિન્દુ પરીષદ પ્રમુખ પીયુષ રાદડીયાએ રાજીનામુ આપી દેતા ગોંડલના રાજકારણમાં ફરી એકવખત ગરમાવો આવી ગયો છે. પીયુષ રાદડીયાએ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ પર આક્ષેપો કરી ૬ મહિનામાં જ રાજીનામુ ધરી દીધુ છે.

વિશ્વ હિન્દુ પરીષદના પ્રમુખ તરીકે પોતાના નામની દરખાસ્ત કરનારા લોકોને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ દ્વારા યેનકેન પ્રકારે પરેશાન કરાતા હોવાનો આક્ષેપ કર્યો છે. રાદડીયાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પુર્વ ધારાસભ્ય જયરાજસિંહને જે વ્યકિત પસંદ ન હોય તેને કોઈ કાર્યક્રમમાં બોલાવો એટલે તે હેરાન કરે, રાજીનામુ આપતા કહ્યુ હતુ કે આપણા રાજીનામાથી કોઈને શાંતિ થતી હોય તો આપણે હોદ્દા પર ન રહેવુ જોઈએ, પીયુષ રાદડીયાએ વિશ્વ હિન્દુ પરીષદના જિલ્લા અધ્યક્ષ કનુભાઈ લાલુને સુપ્રત કરેલા પોતાના રાજીનામા પત્રમાં ગંભીર આરોપો લગાવ્યા છે.



તેમણે જણાવ્યુ હતુ કે જે સમયથી મારી નિમણુંક થઈ, તે સમયથી જ મારા નામની દરખાસ્ત કરનાર હીરેન ડાભી પર મારા રાજકીય હરીફ અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા દ્વારા પારીવારીક તથા રાજકીય દબાણ લાવી મને આ જવાબદારીથી રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે માત્ર હીરેનભાઈ જ નહી પરંતુ વીએચપી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) મા વરસોથી નિષ્ઠાપૂર્વક કામ કરતા ધર્મેન્દ્ર રાજાણી પર પણ અનેક પ્રકારે દબાણ લાવી તેમને અધ્યક્ષ પદેથી હટાવવા માટે કાવતરા ઘડવામાં આવ્યા હતા. રાદડીયાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે હનુમાન જયંતિ જેવા પવિત્ર ધાર્મિક તહેવારને પણ રાજકીય અખાડો બનાવવાનો પ્રયાસ થયો હતો. તેમના કહેવા પ્રમાણે હનુમાન જયંતિની શોભાયાત્રામાં જો મારી હાજરી હશે તો પૂર્વ ધારાસભ્ય કે તેમના પરીવારમાંથી કોઈ હાજર નહી રહે તેવો વ્યકિતગત વિરોધ કરી ગોંડલ વિશ્વ હિન્દુ પરીષદ થતા બજરંગદળના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પર દબાણ લાવવામાં આવ્યુ હતું. રાદડીયાએ એવો પણ આરોપ લગાવ્યો કે હનુમાન જયંતિ જેવા પવિત્ર ધાર્મિક તહેવારને પણ રાજકીય અખાડો બનાવવાનો પ્રયાસ થયો હતો. પીયુષ રાદડીયાએ પોતાના રાજીનામા પાછળનુ મુખ્ય કારણ પોતાના સાથી કાર્યકર્તાઓને વધુ હેરાનગતિમાંથી બચાવવાનુ ગણાવ્યુ છે.

તેમણે કહ્યુ કે મારા અધ્યક્ષપદે રહેવાથી હિરેન ડાભી, ધર્મેન્દ્ર રાજાણી તથા અન્ય કાર્યકર્તાઓને માનસિક, પારીવારીક અને ધંધાકીય ક્ષેત્રે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે આથી હું સ્વેચ્છિક રીતે ગોંડલ શહેર વિશ્વ હિન્દુ પરીષદ પ્રમુખ પદેથી રાજીનામુ આપુ છું.

આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે ગોંડલમાં વિશ્વ હિન્દુ પરીષદ, આરએસએસ અને બજરંગદળ જેવી હિન્દુ વાદી સંસ્થાઓ પણ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકિત નથી તેવો મત રાદડીયાએ વ્યકત કર્યો છે. તેમના આ રાજીનામાથી ગોંડલના સ્થાનિક રાજકારણ અને ધાર્મિક સંગઠનોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને આગામી દિવસોમાં તેના પડઘા જોવા મળે તેવી શકયતા નકારી શકાતી નથી.

# ગુજરાતના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાઓમાં ૮૯૧ સાવજનો દબદબો : ગીર અને જુનાગઢ કરતા અમરેલી અને ભાવનગર જિલ્લામાં સિંહની સંખ્યા વધારે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દર પાંચ વરસે સિંહની ગણતરી કરવામાં આવે છે. જેમાં ૨૦૨૫ માં થયેલી ૧૬ મી સિંહોની વસ્તી ગણતરી થઈ હતી ચાલુ વરસે ૩ હજાર થી વધુ લોકોએ સિંહોની ગણતરીમાં ભાગ લીધો હતો. વન વિભાગે પ્રથમ વખત સ્થાનિક સરપંચ અને આગેવાનોની પણ સિંહ ગણતરીમાં મદદ લીધી હતી.



રાજયમાં વન વિભાગ દ્વારા ૩૫ હજાર ચો.કિ.મી. ના વિસ્તારમાં સિંહોની ગણતરી કરવામાં આવી જેમાં ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાઓનો સમાવેશ કરાયો હતો. જેમાં વર્ષ ૨૦૧૫ માં ૫૨૩ અને વર્ષ ૨૦૨૦ માં ૬૭૪ હતી તે હવે વર્ષ ૨૦૨૫ માં વધીને ૮૯૧ સિંહોની સંખ્યા થઈ છે. સૌરાષ્ટ્રમાં ૮૯૧ સિંહો વસવાટ કરતા હોવાનુ ગણતરીમાં સ્પષ્ટ થયુ છે. ગુજરાતમાં એશિયાઈ સંવર્ધન માટે સિંહોના પ્રોજેકટ લાયન કાર્યરત છે. આ પ્રોજેકટનો ઉદેશ એશિયાઈ સિંહોનુ સંરક્ષણ અને સંવર્ધન સુનિશ્ચિત કરવાનો છે. જુનાગઢ અને ગીર સિંહોની સંખ્યાના મુળ આવાસ ગણવામાં આવે છે. તેના કરણા અમરેલી અને ભાવનગર જિલ્લામાં સિંહોની સંખ્યા વધુ છે. ગીર અને જુનાગઢ જિલ્લામાં સિંહના મુખ્ય રહેણાંક ગણાતા હતા. પરંતુ હવે સિંહો અમરેલી અને ભાવનગરમાં વધારે જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં સિંહો વસવાટ કરતા સ્થળોમાં જુનાગઢમાં સિંહની સંખ્યા ૧૯૧, ભાવનગરમાં ૧૧૬, અમરેલીમાં ૩૩૯ , પોરબંદરમાં ૧૬, ગીર સોમનાથમાં ૨૨૨, રાજકોટમાં ૬, દેવભુમિ દ્વારકારમાં ૧ છે. દર વરસે ૧૦ મી ઓગસ્ટે વિશ્વ સિંહ દિવસે વન વિભાગના કર્મચારીઓ અને શાળાના બાળકો દ્વારા સિંહોને બચાવવાનો મહત્વ સમજાવવામાં આવે છે. ન્યુઝ ફોટો સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ કરી લોકો સિંહ માટે પ્રેમ અને મિત્રતા કેળવી શકે.